Ekatra Foundation

વર્ષ ૩ | અંક ૨૧ | ડિસેમ્બર ૨૦૧૬

સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન સલાહકાર અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

સંચયન

સંપાદક : રમણ સોની

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

પ્રકાશક : અતુલ રાવલ

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા

email : mashru@ekatrafoundation.org

- મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા
- ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ
- લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી ‘સંચયન’ સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક ‘સંચયન’ દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન’ માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન’માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

અનુક્રમ

સંચયન ૨૧ : ડિસેમ્બર ૨૦૧૬

૪ સંપાદકનું કથન // વાચનનો રસ અને કસ // રમણ સોની

૬ પ્રાચીન કથા // રોહિણીને તીરે // હરિવલ્લભ ભાયાણી

૮ જૂની કવિતા // સાત કાવ્યો // કલાપી

૧૬ વાર્તા // રાજા અને રાણી; પુત્રયજ્ઞ // રવીન્દ્રનાથ ઠાકુર

૨૨ કવિતા // વર્ષો પછી પ્રેમિકાને મળતાં // અનિલ ચાવડા

૨૩ હાસ્ય // દીવાળીના દિન આવતાં જાણી... // રતિલાલ બોરીસાગર

૨૫ કવિતા // મેં જોયાં નથી કોઇ યુદ્ધ // બાબુ સુથાર

૨૬ પ્રવાસ // જાપાન // ગંગાદાસ મહેતા

૩૧ કવિતા // માણેકડું // વિનોદ અધ્વર્યુ

૩૨ ફિલ્મ વિશે // મસાન // શક્તિસિંહ પરમાર

૩૬ ભાષા વિશે ગઈકાલે // શું શાં... // અદમ ઘોડીવાલા

૪૦ ભાષા વિશે આજે // કેશ ઉપલબ્ધ છે // મધુ રાય

૪૨ સ્નેહાંજલિ // સદ્. વિનોદ અધ્વર્યુ // સંજય ભાવે

વાચનનો રસ અને કસ

તમે એવા વાચકોને જાણો છો જેમને વાર્તા કે નવલકથા ગમી હોય પણ એના લેખકનું નામ એ જાણતા ન હોય? હા, હોય છે એવા વાચકો. એમને તો વા-ર-તા-થી કામ; લેખકનું નામ એમણે ચોપડી પર વાંચ્યું તો હોય પણ એ તરફ એમનું લક્ષ ન હોય. એટલે તમે પૂછો તો એમને યાદ ન હોય. એ કહેશે, ‘હશે હવે કોઈ નામ, પણ આપડને વાર્તા મસ્ત લાગી’ કે ‘ઘણું નૉલેજ મળે છે આ ચોપડીમાંથી’. હવે જુઓ કે ફિલ્મો જોનાર મોટાભાગના પ્રેક્ષકોને – સિનેગોઅર્સને – પણ એનાં એક્ટર્સનાં, નટ-નટીઓનાં નામની ખબર હોય, પણ દિગ્દર્શક કોણ, છબીકલાકાર કોણ, પટકથાલેખક કોણ – એની કોઈ જ ખબર હોય છે? ઘણાંને નથી હોતી. ફિલ્મનાં ગીતો ગમ્યાં હોય, ‘ટૉપ’ લાગ્યાં હોય, પણ એના સંગીતકાર કોણ એની ખબર નથી હોતી એમને – પછી એના ગીતકાર કોણ એની તો ક્યાંથી ખબર હોય એમને?’

સામે છેડે એવા સજ્જ વાચકો પણ હોય છે જેમને પુસ્તકની બધી બાબતોની ખબર હોય – લેખક કોણ, પુસ્તક ક્યારે પ્રગટ થયું, કોણે કર્યું, બીજી આવૃત્તિ હોય તો પહેલી ક્યારે થયેલી, કયું પારિતોષિક કે ઍવૉર્ડ મળેલાં, એના વિશે કોણે લખેલું, એ લેખકનાં બીજાં કયાં પુસ્તકો, ને આવી આવી ઘણી બાબતોની એ વાચકોને જાણ હોય છે. આવા જાણકાર વાચકો – એ પોતે પ્રોફેસર કે સાહિત્યકાર ન હોય તો પણ – જિજ્ઞાસુ ને અભ્યાસી હોય છે.

પુસ્તકમાંથી એ લોકો માત્ર પસાર થઈ જતા ન હોય, પણ ઊંડે ઊતરતા હોય. એની વાર્તા જ નહીં, એની શૈલીલઢણો પણ જોતા હોય, પુસ્તકનાં માર્મિક સ્થાનો પકડી શકતા હોય ને એનો આનંદ લેતા હોય. પુસ્તકની મર્યાદાઓ પણ એમની નજરે પકડાતી હોય. આ સજ્જ વાચકો વિવેચકો જ હોય એવું નહીં, પોતે ક્યારેય કશું લખ્યું ન હોય – ન વાર્તા કે ન વિવેચન – તો પણ પુસ્તકની દુનિયાના માહેર હોય.

પણ આપણને તો બંને પ્રકારના વાચક ગમવાના. જે લોકો સમય પસાર કરવા વાંચતા હોય, થોડી દિલ્લગી માટે, મનોરંજન માટે વાંચતા

હોય; ચોપડી વાંચીને વેગળી મૂકતા હોય, ભૂલી જતા હોય; એક વસ્તુ એક વાર વાપરી પછી વળી બીજી વાર શું વાપરવી – એવી જેની માનસિકતા હોય, એવા વાચકો પણ છે, એ વાચકો છે – કંઈક તો વાંચે છે, વાંચવામાં રસ તો લે છે, એ પણ આજે તો મોટી વાત છે. ને જે આજે માત્ર વા-ર-તા જ વાંચે છે એ, બને કે, કાલે વાર્તામાં ને વાર્તાના તત્ત્વમાં રસ લેવા માંડે. વાંચવાની શરૂઆત કરનાર બધા જ લગભગ આવા હોય છે – કથારસથી શરૂ કરનારા, ને પછી એમાં આગળ જનારા, ઊંડે ઊતરનારા. કાચ અને હીરામાં ભેદ ન કરી શકતા હોય, પણ એકવાર ચમકમાં રસ પડ્યો પછી, જતે દહાડે, એમાંથી કોઈ હીરાપારખુ પારેખ પણ થવાના.

નિશાળમાં ભણતી વખતે કવિતા ઉપરછલ્લી જ વાંચી હોય, પરીક્ષાના પ્રશ્નોના ઉત્તર નીચોવી કાઢવા પૂરતું જ એની લીટીએ લીટી જોઈ લીધી હોય – અમારા વખતમાં તો, કવિતાના રાગડા પણ કાઢ્યા હોય, મજા પડી ગઈ હોય – પણ કવિતાની અંદર, એના પેટાળમાં જવાનું તો પછી થાય, ધીરે ધીરે. પછી એનો ખરો કસ, એનો ખરો મર્મ મન સામે ઊઘડે.

સાહિત્યની અને કળાની ખરી મજા આ જ છે – એનાં મર્મસ્થાનો ઓળખવાં અને માણવાં. કોઈ ઉત્તમ આસ્વાદક વિવેચકે કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો હોય એ વાંચો ત્યારે સમજાય કે એણે કેવાં દલેદલ ખોલ્યાં છે કવિતાનાં!

તો, માર્મિક વાચન એ જ ખરું વાચન – ભલે એ થોડુંક મોડું આવતું. ધીરે ધીરે, ફરી ફરી વાંચીને એનો સાચો રસાનંદ મેળવવો.

ઉત્તમ કૃતિ પણ એ જ કે એ જેટલી વાર વાંચીએ, વર્ષો પછી ફરી વાંચીએ ત્યારે પણ એવો જ આનંદ આપે – અરે, એવો ને એવો આનંદ જ નહીં, કંઈક જુદો, કંઈક વિશેષ આનંદ આપે. પહેલાં પકડાયું ન હોય, બરાબર ઊઘડ્યું ન હોય એ બીજી-ત્રીજી વાર વંચાય ત્યારે ઊઘડે. જે મૂળે હતું જ પણ એ પછી પ્રગટ થાય!

કવિ રાજેન્દ્ર શાહના એક ગીતની પહેલી પંક્તિ પ્રિયતમા માટે છે એવી જ કવિતા માટે પણ છે –

> તને જોઈ જોઈ તો ય તું અજાણી
> જાણે બીજને ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા ઝાઝેરો ઘૂમટો તાણી.

રમણ સોની

રોહિણીને તીરે – હરિવલ્લભ ભાયાણી

સંસ્કૃત-પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષા અને સાહિત્યના વિદ્વાન, આધુનિક પશ્ચિમી ભાષાવિજ્ઞાન અને સાહિત્યશાસ્ત્રના અભ્યાસી **હરિવલ્લભ ભાયાણી(૨૬-૫-૧૯૧૭ –૨૨-૪-૨૦૦૧)***એ પાલિ-પ્રાકૃતની કેટલીક કૃતિઓના રસાળ ભાવાનુવાદો પણ આપ્યા છે એમાંના એક* **'કમળના તંતુ'***માંથી આ પ્રાચીન કથા લીધેલી છે. બુદ્ધકથાઓને એમણે પહેલાં* **'જાતકવાર્તા(૧૯૫૬)'** *નામે ઉતારેલી, પછી એમાં બીજી કેટલીક ઉમેરીને ૧૯૭૯માં* **'કમળના તંતુ'***નામે પ્રગટ કરેલી.*

વિચારણીય બોધકતાને કેવી રસાળ રીતે રજૂ કરી શકાય એનું આ કથા એક સરસ દૃષ્ટાંત છે.

જેઠ માસ વહી જતો હતો, છતાં વરસાદનાં કશાં એંધાણ દેખાતાં ન હતાં. વાવણી કરાવીને પછી વરસાદ રિસાઈ ગયો લાગતો હતો. કપિલવસ્તુના શાક્યો અને તેમના પડોશી કોલિયગ્રામના કોલિયો મૂંઝવણમાં પડ્યા હતા. તેમની ખેતી સુકાઈ રહી હતી.

કપિલવસ્તુ અને કોલિયગ્રામ વચ્ચે રોહિણી નદી વહેતી હતી. બંને ગામનાં લોકો બંધ બાંધીને નદીનું પાણી ખેતીના ઉપયોગમાં લેતા. પણ આ વેળા વરસાદને અભાવે પાણીનો પ્રવાહ પાતળો થઈ ગયો હતો, એટલે બંને ગામને તે પૂરું પડી શકે તેમ ન હતું.

પરિસ્થિતિ વિકટ બનતાં બંને ગામના ખેડૂતો એકઠા થયા.

કોલિયગ્રામવાળા કહે : 'નદીનું પાણી બંને તરફ લઈ જવાથી નથી તમારું પૂરું થતું કે નથી અમારું પૂરું થતું. પણ બધું પાણી અમને લેવા દો તો અમારી ખેતી નભી રહેશે. માટે તમે બંનેનું ન બગાડો ને પાણી અમને જ લેવા દો.'

એટલે કપિલવસ્તુવાળાઓએ ઉત્તર દીધો : 'એટલે તમારું એમ કહેવું છે કે તમે ધાન્ય ભરેલી કોઠીઓ લઈને ઊભા રહેશો અને અમે સોનું-રૂપું, પાઈપૈસો, ટોપલા અને કોથળા લઈ તમારે બારણે બારણે દાણાની ભીખ માગતા ફરીશું? અમારી ખેતી પણ અમને બધું પાણી મળે તો પૂરી થાય તેમ છે, તો પાણી બધું અમે જ લેશું.'

'અમે તમને નહીં લેવા દઈએ!'

'ને અમે તમને લેવા દેશું, એમ?'

વાત વધી પડી. બંને પક્ષ વધુને વધુ ઉશ્કેરાતા જતા હતા. એમાં એક જુવાને સામાવાળા ઉપર હાથ ઉઠાવ્યો. પેલાએ એનો બરોબર જવાબ વાળ્યો. ઝઘડો હવે જામ્યો. બંને પક્ષોએ પરસ્પરનાં રાજકુળોને પણ આમાં સંડોવ્યાં.

કોલિય ખેડૂતો ભાંડવા લાગ્યાં : 'પેલા કપિલવસ્તુવાળાઓને તગડી મૂકો. કૂતરા અને શિયાળવાની જેમ પોતાની બહેનોને ભોગવનારા એ શાક્યો પાસે ભલેને ગમે તેટલા હાથીઘોડા ને હથિયાર-પડિયાર હોય? અમને એ શું કરી શકવાનાં હતાં?'

શાક્યોએ સામું ચોડ્યું : 'પેલા કોઢિયાની ઓલાદને તગડી મૂકો. કોલના (બોરડીના) ઝાડ પર રહેતાં એ અનાથ ગરીબડાં કાગડાં-ચકલાં કલબલ કર્યાં જ કરે છે તે! એમના હાથી-ઘોડા ને હથિયાર-પડિયાર અમને શું કરી શકવાનાં હતાં?'

વાત અમાત્યો પાસે અને અમાત્યો પાસેથી રાજવીઓ પાસે પહોંચી. ને બંને બાજુઓ યુદ્ધ કરવા શસ્ત્રસજ્જ થઈ ગઈ. જળપ્રવાહ વધારવાને જાણે કે રક્તપ્રવાહ વહેરાવવાની બાજી ગોઠવાઈ ગઈ. વિગ્રહ ફાટી ઊઠવાની ઘડીઓ ગણાઈ રહી હતી.

તે વેળા ભગવાન બુદ્ધ કપિલવસ્તુમાં વિહાર કરતા હતા. યુદ્ધ સળગી ઊઠવામાં છે તે જાણી તેઓ રોહિણીના તીર ઉપર આવી પહોંચ્યા.

ભગવાનને જોઈ બંને પક્ષના મોવડીઓ હથિયાર મૂકીને વંદન કરવા લાગ્યા.

'રાજવીઓ, મૂળમાં શા કારણથી આ કલહ મંડાયો છે, કહેશો?'

'ભદંત, અમને ચોક્કસ ખબર નથી, પણ આ સેનાપતિઓ બધું જાણે છે.'

'સેનાપતિઓ, તમે કહો.'

'ભદંત, અમાત્યોએ જણાવ્યું કે સામેવાળા આપણા ઉપર હલ્લો લઈ આવ્યા છે. એટલે અમે ઝટપટ શસ્ત્રસજ્જ થઈને નીકળી પડ્યા. મૂળમાં કોઈ કારણ હોવું તો જોઈએ જ.'

એમ પૂછતાં પૂછતાં છેવટે ખેડૂતો પાસેથી જાણવા મળ્યું કે પાણીનો ઝઘડો છે.

એટલે બુદ્ધે રાજવીઓને પ્રશ્ન કર્યો : 'હાટમાં પાણી શા ભાવે વેચાય છે, રાજવીઓ?'

'પાણી વેચાતું તો નથી, ભદંત! એનું શું મૂલ્ય હોય? કશું નહીં,' ઉત્તર મળ્યો.

'પાણીનું કશું મૂલ્ય નહીં, એમ તમે કહો છો ને? સારું. તો પછી આ બધા ઊભા છે તે ક્ષત્રિયો શા ભાવે મળે છે તે જણાવશો?'

'ભદંત, ક્ષત્રિયોના ભાવ થોડા જ કરાય છે? તેમનું મૂલ્ય તો આંકીએ તેટલું ઓછું. એ અમૂલ્ય જ કહેવાય.'

'તો કશા મૂલ્ય વિનાના પાણીને ખાતર તમે અમૂલ્ય ક્ષત્રિયોનું લોહી વહેડાવવા કટિબદ્ધ થયા છો!'

લજ્જાથી સૌનાં મુખ સિવાઈ ગયાં.

'રાજવીઓ, સમજો કે વેર અને વિનાશથી કોઈ પ્રશ્નનો કદી ઉકેલ નથી આવતો.' બુદ્ધે શિક્ષાવચન કહ્યું.

બંને પક્ષનો આવેશ શાંત થયો. બુદ્ધના શામક પ્રભાવ નીચે તેમણે સમાધાન કરી લીધું.

કલાપી

માત્ર ૨૬ વર્ષનું આયુષ્ય ભોગવનાર **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'**(૨૬-૧-૧૯૭૪ – ૯-૬-૧૯૦૦)એ આંખની તકલીફ, રાજકીય ખટપટો, વિષાદમય પ્રેમજીવનની વચ્ચે અઢળક કાવ્યકૃતિઓ લખી અને આપણા એક રસિક લોકપ્રિય કવિ તરીકે જાણીતા થયા. ભણી શક્યા ઓછું પણ શિક્ષકો રોકીને સંસ્કૃત-અંગ્રેજી-ઉર્દૂનો અભ્યાસ કર્યો, ખૂબ વાંચ્યું, મોટા સાહિત્યકારો પાસેથી માર્ગદર્શન મેળવ્યું ને એમ ભરચક્ક જિંદગી જીવ્યા. કવિતા ઉપરાંત 'કાશ્મીરનો પ્રવાસ' અને 'પત્રો' પણ એમણે પ્રકાશિત કર્યાં. એમનો કાવ્યસંગ્રહ **'કલાપીનો કેકારવ'** એમના મૃત્યુ પછી મિત્રોએ પ્રગટ કર્યો.

છંદની સફાઈ, મંજુલ લય, પ્રેમ-ઊર્મિનો સહજ ઉદ્રેક તેમજ સ્વચ્છ-પારદર્શક સંવેદન કલાપીની કંઈક મુખર-કાચી કવિતાનો એક વિલક્ષણ સ્વાદ આપે છે. એ રીતે એમની કવિતા સ્મરણ-યોગ્ય બનેલી છે.

ગ્રામ્ય માતા*

છંદ

(શાર્દૂલવિક્રીડિત)

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દિસતી એકે નથી વાદળી;
થંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દિસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં! ૧

(માલિની)

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ ન્હાનાં કરે છે;
કમલવત ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે! ૨

(અનુષ્ટુપ)

વૃદ્ધ માતા અને તાત તાપે છે શગડી કરી,
અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દિસે! ૩

(વસંતતિલકા)
ત્યાં ધૂલ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!   ૪

(મંદાક્રાન્તા)
ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાન્ત બેસી રહીને,
જોતાં ગાતો શગડી પરનો દેવતા ફેરવે છે!   ૫

(અનુષ્ટુપ)
ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે 'આવો, બાપુ!' કહી ઊભો.   ૬

(શાર્દૂલવિક્રીડિત)
'લાગી છે મુજને તૃષા, જલ ભરી દે તું મને' બોલીને
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ જુએ;
'મીઠો છે રસ ભાઈ! શેલડી તણો' એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી!   ૭

(વસંતતિલકા)
પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.   ૮

(અનુષ્ટુપ)
'બીજું પ્યાલું ભરી દેને, હજુ છે મુજને તૃષા,'
કહીને પાત્ર યુવાને, માતાના કરમાં ધર્યું.   ૯

(મંદાક્રાન્તા)
કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસ તણું કેમ હાવાં પડે ના?!
'શું કોપ્યો છે પ્રભુ મુજ પરે?' આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છુરી ભોંકતી શેલડીમાં. ૧૦

(અનુષ્ટુપ)
'રસહીન ધરા થૈ છે; દયાહીન થયો નૃપ;'
'નહીં તો ના બને આવું', બોલી માતા ફરી રડી. ૧૧

(વસંતતિલકા)
એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઊઠીને કહે છે;
'એ હુંજ છું નૃપ, મને કર માફ બાઈ!'
'એ હુંજ છું નૃપ; મને કર માફ ઈશ!' ૧૨

(શાર્દૂલવિક્રીડિત)
'પીતો'તો રસ મિષ્ટ હું પ્રભુ અરે ત્યારે જ ધાર્યું હતું –
'આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા આ અહીં;'
'છે ત્હોયે મુજ ભાગ કૈં નહિ સમો તો હું વધારું હવે',
'શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં?' ૧૩

(ઉપેન્દ્રવજા)
'રસે હવે દે ભરી પાત્ર બાઈ',
'પ્રભુકૃપાએ નકી એ ભરાશે';
'સુખી રહે બાઈ! સુખી રહો સૌ',
'ત્હમારી તો આશિષ માત્ર માગું!' ૧૪

(વસંતતિલકા)
પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છુરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો! છલકાવી પ્યાલું! ૧૫

* આ કાવ્યનું પૂર્વશીર્ષક 'શેલડી' હતું

ત્યાગ

(ગઝલ)

હું જાઉં છું! હું જાઉં છું! ત્યાં આવશો કોઈ નહીં!
સો સો દીવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઈ નહીં! ૧

ના આંસુથી, ન ઝુલ્મથી, ના વસ્લથી, ના બન્ધથી,
દિલ જે ઊઠ્યું રોકાય ના! એ વાત છોડો કેદની! ૨

સૌ ખુશ રહો જેમાં ખુશી! હું જ્યાં ખુશી તે હું કરું!
"શું એ હતું? શું આ થયું?" એ પૂછશો કોઈ નહીં! ૩

કૈં છે ખુશી! કૈં છે નહીં! દિલ જાણતું – જે છે તે છે!
જ્યાં જ્યાં કરી પેદા ખુશી ત્યાં ત્યાં ખુશી દિલ છે નકી! ૪

પેદા કર્યો'તો ઇશ્ક ત્યાં ના કોઈને પૂછ્યું હતું;
એ ભૂંસવા જો છે ખુશી તો પૂછવું એ કૈં નથી. ૫

છે ઇશ્ક જોયો ખૂબ જો જોવું હવે જે ના દીઠું,
કિસ્મત બતાવે ખેલ તે આનન્દથી જોવા સહી! ૬

આ ચશ્મ બુરજે છે ચડ્યું આલમ બધી નિહાળવા,
તે ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં. ૭

મ્હારી કબર બાંધી અહીં ત્યાં કોઈને સુવાડજો!
હું જ્યાં દટાઉં ત્યાં ફૂલોને વેરશો કોઈ નહીં! ૮

છે શું ફૂલો; શું ઇશ્ક ને શું સૌ તમે જાનારને!
આ માછલું દરિયા તણું તે ઊર્મિઓ ગણતું નહીં. ૯

તમ ઊર્મિ એ તમ વારિધિ, મુજ વારિધિ મુજ ઊર્મિ છે! –
જે હિકમતે આ છે બન્યું તે જાણશો કોઈ નહીં! ૧૦

શું પૂછવું? શું બોલવું? ખુશ છો અને રહેજો ખુશી!
વ્યર્થ આંસુ ખેરશો તો લૂછશે કોઈ નહીં. ૧૧

ફૂલ વીણ, સખે!
(તોટક)

ફૂલ વીણ, સખે! ફૂલ વીણ સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત, સખે!
અધુના કલી જે વિકસી રહી છે.
ઘડી બે ઘડીમાં મરતી દિસશે. ૧

સુમહોજ્જ્વલ આ કિરણો રવિનાં
પ્રસરે હજુ તો નભઘુમ્મટમાં;
ન વિલમ્બ ઘટે, કંઈ કાલ જતે,
રવિ એ પણ અસ્ત થવા ઢળશે. ૨

નમતાં શિર સૌ કુસુમો કરશે,
પછી ગન્ધ પરાગ નહીં મળશે!
ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે! ૩

નકી ઉત્તમ અગ્રિમ કાલ, સખે!
ભર યૌવન આ હજુ રક્ત, સખે!
ગતિ કાલની ચોક્કસ ન્હોય, સખે!
ભરતી પછી ઓટ જ ત્હોય સખે! ૪

ફૂલ વીણ સખે! તક જાય, સખે!
ઢળતી થઈ તો ઢળતી જ થશે,
રજની મહીં ચન્દ્ર ઊગે ન ઊગે;
હજુ દિવસ છે, ફૂલડાં લઈ લે; ૫

ફરી લે, રમી લે, હસી લે તું, સખે!
મૃગલાં રમતાં, તરુઓ લડતાં,
વિહગો ઊડતાં,
કલીએ કલીએ ભ્રમરો ભમતા;
ઝરણું પ્રતિ હર્ષભર્યું કૂદતું. ૬

ઊગતો રવિ જોઈ ન શું હસતું?
પછી કેમ વિમાસી રહ્યો તું? સખે!
ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે! ૭

જન્મદિવસ
(વસંતતિલકા)

ત્રેવીસ વર્ષ મહીં સ્વપ્ન અનેક વીત્યાં,
વીતી અનેક દુ:ખનીય પરમ્પરા ત્યાં;
શું તેટલો જ ઇતિહાસ હશે હમારો?
શું લ્હાણ કાળની મળી બસ એટલી જ? ૧

યોગો બધા મુજ બહુ પણ જીર્ણ ભાસે
ને આ હવે હૃદય વૃદ્ધ થતું દિસે છે;
બે ચાર જન્મદિવસો વહી કાલ જાશે,
ને મૃત્યુની જલદ પાંખ સમીપ થાશે. ૨

મ્હેં પ્રેમમાં તડફતાં મમ શાન્તિ ખોઈ,
આનન્દની મધુર પાંખ ન ક્યાંય જોઈ;
હૈયું કહે, "જીવિત એમ જશે જ રોઈ",
શું લ્હાણ કાળ ધરશે બસ એટલી જ? ૩

ક્યાં યે ન શું અનુભવો મુજ સંકળાશે?
શું મૃત્યુ પાછળ નહીં ગતિ કાંઈ થાશે?
મૃત્યુ જ કાજ ઉર શું દુ:ખ આ સહે છે?
તો ઝિન્દગી ન જીવવા સરખી દિસે છે? ૪

આજે જ ઝેર મધુરું કરી કાં ન પીવું?
સાચું જ હો મરણ તો ક્યમ આમ રોવું?
શું છે પછી અનુભવો કડવા સહીને?
આ ઝિન્દગી ન જીવવા સરખી – અરેરે! ૫

આ ઝિન્દગી દુ:ખભરી મુજને મળી કાં?
માગી હતી નવ અને નવ રાખવી છે!
શ્રદ્ધા રહી રસ મહીં ય કશી મ્હને ના!
અન્ધાર મૃત્યુ મધુરું મધુરું દિસે છે! ૬

અન્ધાર મૃત્યુ મધુ તો કડવો ઉજાસ,
ને સ્વપ્ન ના જીવિત તો નકી સ્વપ્ન મૃત્યુ;
છે રાત્રિનો દિવસ કે દિનની નિશા છે?
શું હું હઈશ બસ એક જ સ્વલ્પ સ્વપ્નું? ૭

કે હું અનન્ત યુગનો તરનાર યોગી,
જાનાર જે હજુ અનન્ત યુગો તરીને,
તે આમ આજ દુ:ખ ને દિનને ગણન્તો,
આંહીં પડ્યો – અરર! ચેતનહીન છેક? ૮

હું સ્વપ્નનો અનુભવી નવ જાણતો કૈં,
શંકા પરન્તુ મુજને મુજ સ્વપ્નમાં કૈં,
જીવી શકું ન સુખથી, મરી યે શકું ના,
જાણી શકું ન જગ છે અથવા નહીં આ. ૯

(સ્વાગતા)
યોગ્ય જે નિરખવું નિરખે છે,
યોગ્ય ના નિરખવું નિરખે શે?
ઝિન્દગી સમજ તો જીવજે, ને
મૃત્યુનો અનુભવે સુખથી લે! ૧૦

શિકારીને

(અનુષ્ટુપ)
રહેવા દે! રહેવા દે આ સંહાર, યુવાન! તું;
ઘટે ના ક્રૂરતા આવી : વિશ્વ આશ્રમ સન્તનું. ૧

પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ ઝરણાં, તરુ,
ઘટે ના ક્રૂર દષ્ટિ ત્યાં : વિશ્વ સૌન્દર્ય કુમળું. ૨

તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે. ૩

પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે ત્હને. ૪

સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે. ૫

સૌન્દર્યે ખેલવું, એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું પૂજવું એને, એ એનો ઉપભોગ છે. ૬

રહેવા દે! રહેવા દે આ સંહાર, યુવાન! તું;
બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું.! ૭

સનમની શોધ

(ગઝલ)
પેદા થયો છું ઢૂંઢવા તુંને, સનમ!
ઉમ્મર ગુઝારી ઢૂંઢતા તુંને, સનમ! ૧

છે દુશ્મનો લાખો ભુલાવા રાહને,
દુશ્મન બનાવી યાર અંજાયો, સનમ! ૨

ગફલત મહીં હું, ઝાલિમો કાબિલ એ,
જુદાઈ યારોની મઝા એને, સનમ! ૩

જે રાહદારીમાં અમોને લૂંટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ! ૪

ત્હારી મદદ કોને હશે, માલૂમ નહીં;
શું યારના દુશ્મન સહે યારી? સનમ! ૫

પાંચે નમાઝે ઝૂકતાં ત્હારે કદમ
આડા ફરે છે બેખુદાઓ એ, સનમ! ૬

છો દમબદમ ખંજર રમે ત્હારું દિલે,
કાફર તણું કાતિલ ખેંચી લે, સનમ! ૭

તું માફ કર, દિલદાર! દેવાદાર છું!
છે માફ દેવાદારને મ્હારા, સનમ! ૮

કાંઈ નઝરબક્ષી થવી લાઝિમ ત્હને,
ગુઝરાનનો ટુકડો ઘટે દેવો, સનમ! ૯

પેદા થઈને ના ચૂમી ત્હારી હિના,
પેદા થયો છું મોતમાં જાણે, સનમ! ૧૦

શાને કસે છે મુફ્ત આ લાચારને?
દાવો સુનાવો છે હમારો ના, સનમ! ૧૧

પત્થર બની પેદા થયો છું પ્હાડમાં,
શું ચાહનારો એ ય તુંથી છું, સનમ! ૧૨

આપની યાદી

(ગઝલ)

જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની! ૧

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની! ૨

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની! ૩

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની! ૪

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની! ૫

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની! ૬

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની!
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની! ૭

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં એ આશના :
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની! ૮

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની! ૯

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર :
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની! ૧૦

રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની! ૧૧

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું :
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની! ૧૨

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી :
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની! ૧૩

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની! ૧૪

[કલાપીનાં શ્રેષ્ઠ કાવ્યો, સંપા. રમેશ શુક્લ(૨૦૦૭)–માંથી]

બે લઘુ વાર્તાઓ – રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર)
અનુવાદ : રમણલાલ સોની

ટાગોરની ઉત્તમ વાર્તાઓ સામાન્ય રીતે લાંબી હોય છે. અહીં રજૂ કરેલી એમની બે લઘુ કદની વાર્તાઓ એમની જાણીતી વ્યંગ-વિનોદની આછી રેખાઓથી સાદા કથાનકને ગૂંથે છે ને અંતે જતાં વાર્તાઓ કરુણનો તીવ્ર સ્પર્શ આપી જાય છે. **રમણલાલ સોની**(૧૯૦૮-૨૦૦૬)નો *અનુવાદ પણ એવો જ પ્રાસાદિક અને પ્રવાહી છે.*



૧. રાજા અને રાણી

વિપિનકિશોર ધનવાન ઘરમાં જન્મ્યો હતો, તેથી જે પ્રમાણમાં ધન વાપરવાનું એ જાણતો હતો તેના અડધા પ્રમાણમાં પણ ધન ઉપાર્જન કરવાનું એ શીખ્યો નહોતો; એટલે જે ઘરમાં એ જન્મ્યો હતો તે ઘરમાં લાંબો વખત વાસ કરવાનું બન્યું નહિ.

સુંદર સુકુમાર તરુણ યુવક! ગાનવાદનમાં સિદ્ધહસ્ત, કામકાજમાં બિલકુલ અકુશળ, અને સંસાર માટે સાવ નિરુપયોગી. જીવનયાત્રાની બાબતમાં જગન્નાથદેવના રથ જેવો અચલ! વિપુલ સાધનો હોય તો એ ચાલી શકે, પણ એવાં સાધનો હવે વિપિનકિશોરના ગજા બહારની વાત હતી.

સદ્‌ભાગ્યે રાજા ચિત્તરંજન કોર્ટ ઓફ વૉર્ડ્‌ઝમાંથી મિલકત મળતાં શોખનું થિયેટર ઊભું કરવાનો વિચાર કરતા હતા; તેમણે વિપિનકિશોરનો સુન્દર ચહેરો જોઈ તથા તેની ગીત ગાવાની અને ગીત બનાવવાની શક્તિ પર મુગ્ધ થઈ તેને માનપૂર્વક પોતાના અનુચરોમાં દાખલ કરી દીધો હતો.

રાજા બી.એ. પાસ થયેલા હતા. તેમનામાં કોઈ જાતની ઉચ્છૃંખલતા નહોતી. મોટા માણસનું ફરજંદ હોવા છતાંયે તેઓ દરરોજ નિયમિત સમયે, એટલું જ નહિ, પણ નિયત સ્થળે જ શયનભોજન કરતા. થોડા જ વખતમાં વિપિનકિશોરનો જાણે તેમને નશો લાગી ગયો. વિપિનકિશોરનું ગીત સાંભળતાં સાંભળતાં, અને વિપિનકિશોરના રચેલા ગીતિનાટ્ય વિષે ચર્ચા કરતાં કરતાં ભાત ઠંડો થઈ જતો, ને રાતની મધરાત થઈ જતી. તેમના દીવાનજીએ હવે બોલવા માંડ્યું હતું કે મારા સંયમી સ્વભાવના માલિકમાં માત્ર એક જ દોષ છે – તેમનું મન વિપિનકિશોર પ્રત્યે અતિશય આસક્ત છે!

રાણી વસંતકુમારીએ પતિને છણકો કરીને કહ્યું : ‘કોણ જાણે ક્યાંથી કોઈ અક્કરમી વાંદરાને લઈ આવ્યા છો, ને શરીરની ખરાબી કરવા બેઠા છો. એને કાઢી ન મૂકું ત્યાં લગી મને નિરાંત વળવાની નથી!’

રાજા યુવતી સ્ત્રીની ઈર્ષા જોઈ મનમાં મનમાં જરા ખુશ થતા—હસતા ને વિચાર કરતા કે સ્ત્રી જેને ચાહે છે તેને જ એકલાને ઓળખે છે. જગતમાં આદરપાત્ર બીજી ગુણવાન વ્યક્તિઓ પણ હોય છે તેવું સ્ત્રીના શાસ્ત્રમાં લખેલું નથી. જે માણસે તેના કાનમાં વિવાહનો મંત્ર ભણ્યો, તે જ તેને મન બધા ગુણોની ખાણ, અને બધાં માનપાન તેને જ અર્પણ! પતિને અડધો

કલાક જમવાનું મોડું થાય તો એને અસહ્ય લાગે છે, પણ પતિના આશ્રિતને કાઢી મૂકીએ તો એ આશ્રિતને એક મૂઠી અન્ન મળવાના સાંસા છે એ વાત તરફ તે સંપૂર્ણ ઉદાસીન છે. સ્ત્રીઓનો આ અવિવેકી પક્ષપાત દોષયુક્ત હોઈ શકે છે, પણ ચિત્તરંજનને એ છેક અપ્રીતિકર ન લાગ્યો. આથી તેઓ જ્યારે ત્યારે અતિશયોક્તિપૂર્વક વિપિનનાં ગુણગાન કરી સ્ત્રીને ખિજવતા અને ખૂબ ગમ્મત માણતા.

આ રાજકીય રમત બિચારા વિપિનને અગવડભરેલી થઈ પડી હતી. અંતઃપુરની વિમુખતાને લીધે તેના આહારાદિની વ્યવસ્થામાં ડગલે ને પગલે વિઘ્નો નડતાં. શ્રીમંત ઘરના નોકરો આશ્રિત ભદ્રલોક તરફ સ્વભાવથી જ પ્રતિકૂળ હોય છે — તેઓ રાણીનો બળાપો જોઈ ધૃષ્ટ બની અંદર અંદર વિપિનની અનેક પ્રકારે ઉપેક્ષા કરતા.

રાણીએ એક દિવસ પુંટેને ઠપકો દેતાં કહ્યું : ‘તું કશાયે કામમાં દેખાતો નથી, આખો દિવસ કરે છે શું?’

તેણે જવાબ દીધો : ‘રાજાના હુકમથી વિપિનબાબુની સેવામાં મારો આખો દિવસ જાય છે!’

રાણીએ કહ્યું : ઓહો! વિપિનબાબુ તો મોટા નવાબ લાગે છે!’

બીજા દિવસથી પુંટેએ વિપિનની એંઠી થાળી ઉપાડવી બંધ કરી. ઘણી વખત એના માટે ખાવાનું ઢાંકી રાખવાનું પણ એ ભૂલી જતો. બિન અનુભવી હાથે વિપિને પોતાની થાળી પોતે માંજવા માંડી, અને વખતોવખત ઉપવાસ કરવા માંડ્યો. પરંતુ આ વિષે રાજાની આગળ કંઈ ફરિયાદ કરવી એ તેના સ્વભાવવિરુદ્ધ હતું. કોઈ પણ નોકરની સાથે કજિયો કરી તેણે પોતાનો સ્વમાન-ભંગ કર્યો નહિ. આવી રીતે વિપિનના ભાગ્યમાં ‘સદર’નો આદર વધવા લાગ્યો અને ‘અંદર’ની અવજ્ઞાની હદ રહી નહિ.

આ તરફ સુભદ્રાહરણ નામનું ગીતિનાટ્ય રિહર્સલ પછી તૈયાર થઈ ગયું. રાજમહેલના આંગણામાં તેનો અભિનય થયો. રાજા પોતે કૃષ્ણ થયા, અને વિપિન થયો અર્જુન! આહા! અર્જુનનો શો કંઠ! શું રૂપ! પ્રેક્ષકો વાહવાહ પોકારવા લાગ્યા.

રાતે રાજાએ આવીને વસંતકુમારીને પૂછ્યું : ‘ખેલ કેવો લાગ્યો?’

રાણીએ કહ્યું : ‘વિપિન તો અર્જુનના વેશમાં બહુ સરસ શોભતો હતો! મોટા ઘરના છોકરા જેવો તેનો ચહેરો છે એની ના નહિ અને ગળામાં તો કોયલ ટહુકે છે!’

રાજાએ કહ્યું : ‘અને મારો ચહેરો કંઈ નહિ, કેમ?—ગળું પણ ખરાબ!’

રાણીએ કહ્યું : ‘તમારી વાત જુદી છે!’

આમ કહી ફરી તેણે વિપિનના અભિનયની વાત કાઢી.

રાજાએ આના કરતાં અનેકગણી ઉત્તેજિત ભાષામાં રાણીની આગળ વિપિનનાં વખાણ કર્યાં હતાં—પરંતુ આજે રાણીના મુખે માત્ર આટલી જરી પ્રશંસા સાંભળીને તેમને થયું કે વિવેકશક્તિ વગરના લોકો વિપિનની શક્તિ વિષે, તે ખરેખર છે તેના કરતાં ઘણી વધારીને વાત કરે છે! એના ચહેરામાં યે શું બળ્યું છે, અને એના ગળામાં યે એવું શું છે?

થોડા વખત પહેલાં તેઓ પોતે પણ આ અવિવેચકોમાં હતા, પણ અત્યારે એકદમ ઓચિંતાની, કોઈ કારણવશાત્ તેમની વિવેચનાશક્તિ વધી ગઈ હતી!

બીજા દિવસથી વિપિનના ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા થઈ.

વસંતકુમારીએ રાજાને કહ્યું : ‘વિપિનને કચેરીના ઓરડામાં કારકુનો ભેગો રાખવો એ ઠીક નથી. ગમે તેમ, તો યે એક દિવસ એની દશા સારી હતી.’

રાજાએ વાત ઉડાવી દઈને ટૂંકોટચ જવાબ દીધો : ‘હં!’

રાણીએ આગ્રહ કર્યો કે બાબાના અન્નપ્રાશન વખતે ફરી ખેલ રાખો.

રાજાએ વાત કાને ધરી જ નહિ!

એક દિવસ કપડાં બરાબર ધોવાતાં નથી કહી રાજાએ નોકર પુંટેને ઠપકો દીધો. ત્યારે તે બોલ્યો : 'હું શું કરું? રાણીમાના હુકમથી વિપિનબાબુનાં વાસણ માંજવામાં અને એમની સરભરામાં જ મારો વખત જાય છે!'

રાજાએ ગુસ્સે થઈ ને કહ્યું : 'ઓહો! વિપિનબાબુ તો મોટા નવાબ બની ગયા લાગે છે, પોતાનાં વાસણ પણ એમનાથી માંજી લેવાય નહિ?'

વિપિનની દશા પુનર્મૂષિક જેવી થઈ.

રાણીએ રાજાની આગળ હઠ કરી કે સાંજે તમારી સંગીતસભા થાય ત્યારે બાજુના ઓરડામાં પડદા પાછળ બેસીને મને ગાન સાંભળવા દો, વિપિનનું ગાન મને બહુ ગમે છે.

પછી તો રાજાએ પહેલાંની પેઠે જ બરાબર નિયમિત સમયે શયનભોજન કરવા માંડ્યું. ગાનવાદન હવે ચાલતું નથી.

*

રાજા બપોરે કચેરીનું કામકાજ જોતા. એક દિવસ કામમાંથી વહેલા પરવારી અંતઃપુરમાં જઈને તેમણે જોયું તો રાણી કંઈક વાંચતી હતી.

રાજાએ પૂછ્યું : 'શું વાંચે છે?'

રાણી પહેલાં તો જરા ભોંઠી પડી, પણ પછી બોલી : 'વિપિનબાબુની ગીતોની ચોપડી લાવી એમાંથી એક બે ગીત મોઢે કરું છું. અચાનક તમારો શોખ ઊતરી ગયો, એટલે હવે ગીત ક્યાં સાંભળવા મળે છે?'

ઘણા વખત પહેલાં રાજાના આ શોખનો જડમૂળમાંથી નાશ કરવા માટે રાણીએ કેટલા પ્રયત્નો કર્યા હતા, તે આજે કોઈએ તેને યાદ દેવડાવ્યું નહિ!

*

બીજે દિવસે રાજાએ વિપિનને વિદાય કરી દીધો—કાલે કેવી રીતે અને ક્યાં તેને મૂઠી અન્ન મળી રહેશે તેનો તેમણે કંઈ જ વિચાર કર્યો નહિ.

દુઃખ માત્ર આટલું નહોતું. વિપિન અત્યાર સુધીમાં રાજાની સાથે અકૃત્રિમ સ્નેહથી બંધાઈ પડ્યો હતો. પગાર કરતાં રાજાનો સ્નેહ એને મન વધારે કીમતી બની ગયો હતો—પરંતુ અત્યારે કયા અપરાધને લીધે પોતે અચાનક રાજાના દિલમાંથી દૂર થઈ ગયો તેનો બહુ બહુ વિચાર કરવા છતાં પણ વિપિન કંઈ નિર્ણય કરી શક્યો નહિ.

દીર્ઘ નિઃશ્વાસ નાખી પોતાના જૂના તંબૂરાને ગલેફ પહેરાવી મિત્રહીન વિશાળ જગતમાં એ એકલો નીકળી પડ્યો—જતાં જતાં રાજસેવક પુંટેને એ પોતાની છેલ્લી મૂડી—બે રૂપિયા બક્ષિસ દેતો ગયો.

૨. પુત્રયજ્ઞ

વૈદ્યનાથ ગામમાં જ્ઞાની ગણાતા હતા, તેથી તેઓ ભવિષ્ય તરફ નજર રાખીને વર્તમાનનું તમામ કામકાજ કરતા. જ્યારે તેમણે લગ્ન કર્યું ત્યારે વર્તમાન નવવધૂના મુખ કરતાં તેમને ભાવિ નવકુમારનું મુખ વધારે સ્પષ્ટ દેખાયું હતું. શુભદૃષ્ટિ વખતે આટલી બધી દૂરદૃષ્ટિ ભાગ્યે જ કોઈ બતાવતું હશે.

તેઓ સમજદાર આદમી હતા. એટલે પ્રેમના કરતાં પિંડને જ વધારે સમજતા હતા, અને પુત્રાર્થે ક્રિયતે ભાર્યા, એ ન્યાયે જ તેમણે વિનોદિનીની સાથે લગ્ન કર્યાં હતાં.

પરંતુ આ સંસારમાં જ્ઞાનીઓ પણ છેતરાય છે. યૌવન પ્રાપ્ત થયા છતાં પણ જ્યારે વિનોદિનીએ એનું સૌથી મોટું કર્તવ્ય બજાવ્યું નહિ, ત્યારે પું. નામે નરકનું દ્વાર ઉઘાડું જોઈને વૈદ્યનાથ બહુ ચિંતામાં પડ્યા. મૃત્યુ પછી તેમની વિપુલ સમૃદ્ધિ કોણ ભોગવશે, એની ચિંતામાં મૃત્યુ પહેલાં એ સમૃદ્ધિ ભોગવવા પરથી તેમનું મન ઊઠી ગયું. એ તો હું પહેલાં જ કહી ગયો છું કે વર્તમાન કરતાં ભવિષ્યને જ તેઓ વધારે સત્ય માનતા હતા.

પરંતુ યુવતી વિનોદિની પાસેથી એકદમ આટલા જ્ઞાનની આશા રાખી શકાય નહિ. એ બિચારીને અમૂલ્ય વર્તમાન, એનું નવવિકસિત યૌવન વિના પ્રેમે નિષ્ફળ વહી જાય એ એને મન સૌથી મોટો ચિંતાનો વિષય હતો. પરલોકના પિંડની ક્ષુધાને, એ આ લોકના ચિત્તની ક્ષુધા આગળ સાવ ભૂલી ગઈ હતી—મનુના પવિત્ર વિધાનથી કે વૈદ્યનાથની આધ્યાત્મિક વ્યાખ્યાથી તેના ભૂખ્યા હૃદયની ભૂખ જરાપણ હોલાઈ નહિ.

ગમે તે કહો, પણ આ ઉંમરે પ્રેમ દેવો ને પ્રેમ લેવો એ રમણીને મન, સ્વાભાવિક રીતે જ, બીજાં તમામ કર્તવ્યો અને સુખો કરતાં વધારે છે.

પરંતુ વિનોદાના નસીબમાં પ્રેમનો વરસાદ વરસવો તો દૂર રહ્યો, પણ એને બદલે, પતિ, પતિની ફોઈ અને બીજાં અનેક નાનાં મોટાં માણસોના ઉચ્ચ આકાશમાંથી તર્જન ગર્જનની શિલાઓનો વરસાદ એની ઉપર વરસવા માંડ્યો. બધાં એને 'વાંઝણી' કહીને ભાંડતાં. એક ફૂલના છોડને હવા-અજવાળા વિનાના બંધિયાર ઘરમાં રાખીએ તો એની જેવી દશા થાય તેવી વિનોદાના વંચિત યૌવનની દશા થઈ હતી.

આખો વખત આ ગુસપુસ અને વઢાવઢમાં રહી ન શકવાથી તે થોડો વખત કુસુમને ઘેર પાનાં રમવા જતી. એટલો વખત એનો બહુ સારો જતો. ત્યાં પું. નરકની ભીષણ છાયા હંમેશ હાજર ન હોવાને લીધે વાતોચીતો અને ઠઠ્ઠા મશ્કરીઓને કંઈ વાંધો આવતો નહિ.

કોઈ વાર પાનાં રમનાર ભેરુ ન હોય ત્યારે કુસુમ પોતાના તરુણ દિયર નગેન્દ્રને પાનાં રમવા પકડી લાવતી. વિનોદા એને જોઈ રમવાની હા ના કરતી, પણ નગેન્દ્ર વિનોદાનો વિરોધ હસીને ઉડાવી દેતો. આ સંસાર એવો છે કે એમાં એકમાંથી બીજું થાય છે, અને રમત વખત જતાં સંકટ રૂપે પરિણમે છે, એવી બધી ભારે વાતો નાની વયે એકદમ માન્યામાં આવતી નથી.

આ વિષે નગેન્દ્રનો વાંધો પણ કઈ જોરદાર નહોતો, અને હવે તો તે પાનાં રમવા માટે બહુ આગ્રહ પણ કરાવતો નહિ.

આવી રીતે લગભગ રોજ વિનોદાની સાથે નગેન્દ્રનો મેળાપ થવા લાગ્યો.

નગેન્દ્ર જ્યારે પાનાં રમવા બેસતો ત્યારે પાનાં કરતાં સજીવ પદાર્થ તરફ તેનું ચિત્ત અને આંખ વધારે રહેતાં. આથી તે રમતમાં ફરી ફરીને હારતો. એની આ હારનું કારણ સમજતાં કુસુમને કે વિનોદાને કોઈને વાર લાગી નહીં.

હું પહેલાં જ કહી ગયો છું કે કર્મફળનું ગુરુત્વ સમજવું નાની વયે શક્ય નથી. કુસુમ સમજતી કે આ ઠીક ગમત થઈ રહી છે, અને ધીમે ધીમે એ મજા સોળે કળાએ પૂર્ણ થાય એ જોવાનું તેને મન હતું. પ્રેમના ફણગાઓમાં છૂપી રીતે જળ સિંચન કરવામાં તરુણીઓને બહુ મજા પડે છે.

વિનોદાને પણ એ ખરાબ ન લાગ્યું. હૃદયને જીતવાની તીક્ષ્ણ શકિત કોઈ પુરુષની ઉપર અજમાવી જોવાનું મન થવું એ અયોગ્ય હોઈ શકે છે, પણ અસ્વાભાવિક નથી.

આવી રીતે પાનાંની હારજીતમાં અને છક્કો પંજો કરતાં કરતાં ક્યારે બે ખેલાડીઓનાં મનનો મેળ મળી ગયો, તેની અંતર્યામીને ખબર! બીજા એક ખેલાડીને પણ તેની ખબર હતી, પણ તેને તેમાં ગમ્મત દેખાઈ!

એક દિવસ બપોરે વિનોદા, કુસુમ અને નગેન્દ્ર પાનાં રમતાં હતાં, રમતાં રમતાં, પોતાના માંદા છોકરાને રોતો સાંભળી કુસુમ ઊઠી ગઈ.

નગેન્દ્ર વિનોદાની સાથે વાતો કરવા લાગ્યો. પરંતુ શું વાત કરતો તેની તેને પોતાને જ સમજ પડતી નહોતી. લોહીનો પ્રવાહ એના હૃત્પિંડને છલકાવીને એના આખા શરીરની નસેનસને તરંગિત કરતો હતો.

ઓચિંતાના એક વખતે તેના ઉદ્દામ યૌવને તમામ બંધ તોડી નાખ્યા —એકદમ વિનોદાના બંને હાથ પકડી લઈ જોરથી તેને પોતાની પાસે ખેંચી તેણે ચુંબન કર્યું.

નગેન્દ્રે કરેલા આ અપમાનથી, ક્રોધ, ક્ષોભ અને લજ્જાથી વિહ્વળ બની વિનોદા પોતાનો હાથ છોડાવવા માટે ખેંચાખેંચ કરતી હતી, એટલામાં બંનેની નજર, ઓરડામાં આવી ઊભેલી એક ત્રીજી વ્યક્તિ પર પડી.

નગેન્દ્ર નીચું મોં કરી ઓરડામાંથી છટકી જવાનો રસ્તો શોધવા લાગ્યો.

દાસીએ ગંભીર સ્વરે કહ્યું : 'બઉઠાકુરન! તમને ફોઈબા બોલાવે છે.'

વિનોદાએ છલછલ આંખે, વીજળીનો ચાબખો મારતી હોય તેમ નગેન્દ્રની સામે જોયું, પછી તે દાસીની સાથે ચાલી ગઈ.

જે જોયું હતું તેને હ્રસ્વ કરી, અને નહોતું જોયું તેને અતિ દીર્ઘ કરી, દાસીએ વૈદ્યનાથના અંતઃપુરમાં એક વાવાઝોડું પેદા કરી દીધું. વિનોદાની કેવી દશા થઈ તેનું વર્ણન કરવા કરતાં કલ્પના કરી લેવી સારી. પોતે કેટલી નિર્દોષ છે તે કોઈનેયે સમજાવવાનો તેણે પ્રયત્ન જ કર્યો નહિ–નીચે મોંએ બધું સહી રહી.

પોતાનો ભાવિ પિંડદાતા જન્મવાનો સંભવ બિલકુલ સંશયાચ્છન્ન છે એમ સમજીને વૈદ્યનાથે વિનોદાને કહ્યું : 'કલંકિની! હમણાં ને હમણાં તું મારા ઘરમાંથી જતી રહે!'

વિનોદા શયનખંડનાં બારણાં બંધ કરી પથારીમાં જઈને પડી—તેની સૂકી આંખો ખરે બપોરે રણની રેતી ધગે તેમ ધગતી હતી.

સાંજ પૂરી થઈ અને અંધારું જામતાં બહાર બગીચામાં કાગડાઓનો અવાજ શમી ગયો, ત્યારે વિનોદાએ તારાજડિત શાંત આકાશ ભણી નજર કરી. તેને માબાપ યાદ આવ્યાં; એના બંને ગાલ પર થઈને આંસુ ટપકવા લાગ યાં.

એ જ રાતે વિનોદા પતિનું ઘર છોડીને જતી રહી. કોઈએ તેની તપાસ પણ કરી નહિ.

તે વખતે વિનોદાને ખબર નહોતી કે પ્રજનાર્થમ્ મહાભાગા—સ્ત્રીજન્મનું મહાભાગ્ય તેને પ્રાપ્ત થયું હતું–તેના પતિની પરલોકની સદ્‌ગતિએ તેના ગર્ભમાં આશ્રય લીધો હતો.

*

આ બનાવ પછી દશ વરસ વીતી ગયાં.

આ દરમિયાન વૈદ્યનાથની ધનસંપત્તિ ખૂબ જ વધી ગઈ છે. હવે તેઓ ગામડું છોડી કલકત્તામાં એક મોટું મકાન ખરીદીને તેમાં રહે છે.

પરંતુ તેમની ધનસંપત્તિ જેમ વધી હતી, તેમ એ ધનસંપત્તિના ઉત્તરાધિકારી માટે તેમના પ્રાણની વ્યાકુળતા પણ એટલી વધી હતી.

એક પછી એક બે વાર તેઓ પરણ્યા હતા, પણ એથી પુત્ર જન્મવાને બદલે કેવળ કલહ જન્મ્યો હતો. દૈવજ્ઞ જોષીઓ અને સંન્યાસી અવધૂતોથી ઘર ભરાઈ ગયું હતું. દોરાધાગા, માદળિયાં અને પેટંટ દવાઓનો વરસાદ વરસતો હતો. કાલિઘાટ પર એટલાં બધાં બકરાંનો ભોગ આપ્યો હતો કે એના હાડકાંના ઢગલા આગળ તૈમૂર લંગે કરેલા હાડપિંજરોનો વિજયસ્તંભ કંઈ હિસાબમાં ન ગણાય.

આટલું છતાંયે, માત્ર મૂઠી હાડકાં અને જરાક માંસવાળું એક નાનકડું બાળક વૈદ્યનાથના વિશાળ મહાલયનો એક ખૂણો રોકીને બેઠેલું દેખાયું નહોતું. મારા મૃત્યુ પછી કયો પારકો છોકરો મારું ધન ભોગવશે એની ચિંતામાં એમને આજે ધાન ભાવતું નહોતું.

વૈદ્યનાથે ફરી એક વખત લગ્ન કર્યાં—કારણ કે, સંસારમાં આશાનો જેમ અંત નથી, તેમ કન્યાભારગ્રસ્ત ગૃહસ્થોના ઘરમાં કન્યાઓનો તોટો નથી.

જોષીઓએ જન્માક્ષર જોઈને કહ્યું કે આ કન્યાના પુત્રસ્થાનમાં એવો શુભયોગ દેખાય છે કે વૈદ્યનાથના ઘરમાં પ્રજાવૃદ્ધિ થવાને હવે વાર નથી.

એ પછી તો છ વરસ વીતીગયાં, પણ પુત્રસ્થાનના શુભયોગની આળસ ઊડી નહિ.

વૈદ્યનાથ નિરાશામાં ડૂબી ગયા. છેવટે તેમણે શાસ્ત્રવિદ્ પંડિતોની સલાહથી એક ભારે ખરચાળ યજ્ઞની તૈયારીઓ કરી—યજ્ઞ નિમિત્તે ઘણા વખત સુધી ઘણા ઘણા બ્રાહ્મણોની સેવા થવા માંડી.

બીજી તરફ, તે વખતે દેશમાં ભયાનક દુકાળ હતો. દુકાળને લીધે બંગાળ, બિહાર અને ઓરિસા હાડપિંજર જેવાં બની ગયાં હતાં.

વૈદ્યનાથ જે વખતે અન્નના ભર્યા ભંડારની વચમાં બેસીને વિચાર કરતો હતો કે મારું અન્ન કોણ ખાશે? તે વખતે આખો ઉપવાસી દેશ પોતાના ચોંટી ગયેલા પેટની સામે જોઈને વિચાર કરતો હતો કે શું ખાવું?

બરાબર એ વખતે, ચાર ચાર મહિનાથી, વૈદ્યનાથ ચોથીવારના સહધર્મચારિણી એકસો બ્રાહ્મણોનું પાદોદક પાન કરતાં હતાં. અને એકસો બ્રાહ્મણો સવારે પ્રચૂર મિષ્ટાન્ન ખાઈને અને સાંજે પ્રચૂર ઉપાહાર કરીને, માટીનાં શકોરાં અને દહીં ઘીવાળાં કેળનાં પાંદડાંથી મ્યુનિસિપાલિટીના કચરાના ગાડાને ભરી નાખતા હતા.

અન્નની ગંધ આવતાં, દુકાળમાં માર્યાં માર્યાં ફરતાં ભૂખ્યાં માણસોનાં ટોળાં બારણાં આગળ ભેગાં થતાં હતાં—તેમને હાંકી કાઢવા માટે બારણા આગળ વધારાનો ચોકીદાર ઊભો રાખવો પડ્યો હતો.

એક દિવસ સવારે વૈદ્યનાથ આરસના મહાલયમાં એક સ્થૂલ શરીરવાળા સંન્યાસીની બશેર મોહનભોગ અને દોઢશેર દૂધથી સેવા થઈ રહી હતી. વૈદ્યનાથ શરીરે ચાદર વીંટાળી, હાથ જોડી, અતિશય વિનમ્રભાવે જમીન ઉપર બેસીને, ભક્તિભાવપૂર્વક, પવિત્ર ભોજનકાર્ય નિહાળી રહ્યો હતો.

એવામાં કોઈ રીતે દરવાનની નજર ચૂકવીને, એક હાડપિંજર જેવા છોકરાને લઈને, એક અતિ દૂબળી સ્ત્રીએ ઘરમાં દાખલ થઈને ક્ષીણ સ્વરે કહ્યું :

'બાબુ! કોળિયો ખાવાનું આપો!'

વૈદ્યનાથ હાંફળોફાંફળો ઊભો થઈને ચીસ પાડી ઊઠ્યો : 'ગુરુદયાળ! ગુરુદયાળ!'

મામલો બરાબર નથી એમ સમજી સ્ત્રીએ કરુણ સ્વરે કહ્યું : 'ઓરે, આ છોકરાને કોળિયો ખાવાનું આપો! હું કશું નથી માગતી!'

ગુરુદયાળે આવી છોકરાને અને એની માને હાંકી કાઢ્યાં.

એ ભૂખ્યો દુકાળિયો છોકરો વૈદ્યનાથનો જ એકનો એક પુત્ર હતો.

એકસો પરિપુષ્ટ બ્રાહ્મણો અને ત્રણ હૃષ્ટપુષ્ટ સંન્યાસીઓ વૈદ્યનાથને પુત્રપ્રાપ્તિની દુરાશામાં લોભાવીને એનું અન્ન આરોગવા લાગ્યા.

[બંને વાર્તાઓ 'અતિથિ (વાર્તાસંગ્રહ), અનુ. રમણલાલ સોની, ૧૯૮૮ -માંથી]

વર્ષો પછી પ્રેમિકાને મળતાં... – અનિલ ચાવડા

ઓળખ્યોને કોણ છું?
પાંપણ પર ઝૂલતો'તો, તમને કબૂલતો'તો, આભ જેમ ખૂલતો'તો એ જ હું –
ઓળખ્યોને કોણ છું?

ચોપડીનાં પાનાંમાં સુક્કું ગુલાબ થઈને રહેવાને આવ્યું'તું કોણ?
તમને વણબોલાવ્યે મારી આ શેરીમાં બોલાવી લાવ્યું'તું કોણ?
કળી જેમ ફૂટતો'તો, તમને જે ઘૂંટતો'તો, તોય સ્હેજ ખૂટતો'તો એ જ હું –
ઓળખ્યોને કોણ છું?

લાગતો'તો જીવનમાં તમને દુકાળ ત્યારે આવ્યો'તો થઈને વરસાદ
સુક્કાભઠ ખેતરમાં ત્યારબાદ ખીલ્યો'તો મોલ ખૂબ, આવ્યું કંઈ યાદ?
યાદ ન'તો રહેતો જે આંસુ થઈ વહેતો જે તોય કંઈક કહેતો જે, એ જ હું.

ઓળખ્યોને કોણ છું?

[નવનીત સમર્પણ, ઑક્ટોબર ૨૦૧૬]

દિવાળીના દિન આવતાં જાણી...
– રતિલાલ બોરીસાગર

સ્વ. ઇન્દુલાલ ગાંધીની 'ભાણી' નામની એક કવિતા છે. આ કવિતાની પ્રથમ પંક્તિઓ નીચે મુજબ છે :

દિવાળીના દિન આવતાં જાણી,
ભાદરમાં ધુએ લૂંગડાં ભાણી.

એક વાર દિવાળીના દિવસોમાં ઉપરની બે પંક્તિ પરથી મને નીચેની પંક્તિઓ સૂઝી હતી :

દિવાળીના દિન આવતાં જાણી,
બાવાંજાળાં જુઓ પાડતી ભાણી.

મૂળ કવિતામાં 'ભાણી'નો અર્થ છે 'ભાણી' નામની ગરીબ સ્ત્રી. મારી કવિતામાં – જોકે કવિતામાં તો ન કહેવાય, કારણ કે અત્યાર સુધી આગળ કશું સૂઝ્યું નથી. પણ મારી પૂરી નહિ થયેલી અને મોટેભાગે પૂરી નહિ થનારી એવી કવિતાની ઉપરની પંક્તિઓમાં 'ભાણી'નો અર્થ છે સ્ત્રી. પણ ના કોઈ પણ સ્ત્રી એવો અર્થ તો નહિ કરી શકાય, કારણ કે એશિયા, આફ્રિકા, યુરોપ વગેરેના દેશોમાં કે અમેરિકા, રશિયા, ઇંગ્લેન્ડમાં સ્ત્રીઓ બાવાં-જાળાં પાડે છે કે નહિ, દિવાળીના દિવસોમાં નહિ તો નાતાલના દિવસોમાં બાવાં-જાળાં પાડે છે કે નહિ તેની મને ખબર નથી. ભૂગોળના પ્રાધ્યાપક એવા એક મિત્રને પૂછ્યું તો કહે, ભૂગોળના કોઈ પુસ્તકમાં આ અંગે કશું વાંચવામાં આવ્યું નથી. પણ તમે ઇન્ટરનેટની મદદથી જાણી લો, બાવાં-જાળાંની વેબસાઈટ હશે. કદાચ લગભગ અર્ધોપોણો દિવસ કમ્પ્યુટર સામે બેસી રહેતા એક મિત્રને પૂછ્યું તો કહે, 'બાવાં-જાળાં' વિશેની કોઈ વેબસાઈટનો મને ખ્યાલ નથી, પણ હું પ્રયત્ન કરીશ.' પરંતુ, આજ સુધી એમના તરફથી કશી માહિતી મળી નથી. ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં સ્ત્રીઓ દિવાળી ઉપર બાવાં-જાળાં પાડે છે કે નહિ તેની માહિતી પણ, જાણકારોને પૂછવા છતાં, મળી શકી નથી. એટલે હાલ તુરત તો 'ભાણી' એટલે ગુજરાતી સ્ત્રી. દરેક ગુજરાતી સ્ત્રી કોઈ ને કોઈ 'મામા'ની 'ભાણી' તો હશે જ. મામો નહિ હોય તેનેય કાણો મામો (અહીં પાછો 'કાણો'નો અર્થ 'અંધ' નહિ, પણ 'કહેણો–કહેવાનો મામો' એવો છે.) તો હશે જ. એટલે 'ભાણી'નો અર્થ 'ગુજરાતી સ્ત્રી' એવો કરી શકાય એવો મત અમારા એક ભાષાવિજ્ઞાની મિત્રનો છે.

દિવાળીના દિવસો પાસે આવે છે ને ભાણીઓને શૂરાતન ચડે છે – બાવાંજાળાં પાડવાનું. ઈસવી સન પૂર્વેની ભાણીઓને પણ આવું શૂરાતન ચડતું ને એકવીસમી સદીની ભાણીઓને પણ એવું જ શૂરાતન ચડે છે. હાથમાં ખુલ્લી તલવાર લઈ ઘોડા પર બેસી સમરાંગણમાં ઝઝૂમેલી ઝાંસીની રાણી જેવું જ શૂરાતન હાથમાં ઝાડુ લઈ, લાકડાના ઘોડા પર ચડી ગૃહાંગણમાં બાવાં-જાળાં પાડતી ભાણીઓમાં પ્રગટે છે (અલબત્ત, અત્યારે કૉલેજમાં ભણતી 'ભાણીઓ' બાવાં-જાળાં પાડશે કે નહિ – તે વિશે કશું કહી શકાય તેમ નથી.) ગૃહાંગણ સમરાંગણમાં ફેરવાઈ જાય છે. જે રૂમનાં બાવાં-જાળાં પાડવાનાં હોય એ રૂમનો સામાન ડ્રોઇંગ રૂમમાં વચ્ચોવચ ખડકાય છે. પણ આ ડેડ સ્ટોક કરતાં સજીવ સ્ટોકનો પ્રશ્ન વધુ વિકટ હોય છે. ગૃહરાણીના ગૃહરાજાને હુકમો છૂટે છે – 'પાંચ

કલાક બહાર જતા રહો,' 'ત્રણ કલાક પેલા રૂમમાં ને રૂમમાં રહો...' વગેરે વગેરે. બાવાં-જાળાં પાડવાના દિવસોમાં એક મિત્રને ઘેર ગયો તો એ ઊર્ધ્વાસન (ઊંચા આસન) પર બેઠા હતા. પલંગ, એના પર પાટ, એના પર પંદર ગાદલાં, અને એના પર મિત્ર! બાકીના બેય રૂમનાં બાવાં-જાળાં પાડી લેવામાં ન આવે ત્યાં સુધી મિત્રને ઊર્ધ્વાસન પરથી નીચે ઊતરવાની મનાઈ હતી.

બાવાં-જાળાં પાડવાના મુદ્દા પર વરના બે પ્રકાર જોવા મળે છે. 'ગુડ ફોર નથિંગ' કશાય કામના નહિ એવા. (મારો સમાવેશ પહેલા પ્રકારમાં કરવામાં આવે છે.) આવા ગુડ ફોર નથિંગ હસબન્ડોની બાવાં-જાળાંના દિવસોમાં બહાર નિકાસ કરી દેવામાં આવે છે. આવા અમારા એક નિષ્કાસન પામતા – સાદા શબ્દોમાં કહીએ તો કામચલાઉ ધોરણે હાંકી કાઢવામાં આવતા એક મિત્ર દર વરસે બાવાં-જાળાંના દિવસોમાં પાંચ રજા લે છે. એમણે 'બાવાં-જાળાં નિષ્કાસન મંડળી'ની રચના કરી છે. એમાં અગિયાર સભ્યો છે. આ નિષ્કાસિત સભ્યો આ દિવસોમાં પ્રવાસે જાય છે, ને જલસા કરે છે. આવા બીજા અનેક પતિઓ આ મંડળીમાં જોડાવા આતુર છે, પણ એમની પત્નીઓ મંજૂરી નથી આપતી. અમારા બીજા એક મિત્રની પાંચ સાળીઓ શહેરમાં છે. એમનાં પત્ની અને બીજી પાંચ બહેનો – આ છયે બહેનોએ સિંડિકેટ બનાવી છે. ત્રણ બહેનોને ત્યાં એક સાથે બાવાં-જાળાં પડે અને આ ત્રણેયનાં બાળકો-પતિઓ બીજી ત્રણ બહેનોને ત્યાં એટલો વખત રહે – આવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. છેલ્લાં ત્રણ વરસથી આ વ્યવસ્થા સફળતાપૂર્વક ચાલી રહી છે. આ વ્યવસ્થાને કારણે સાઢુભાઈઓને એકબીજા સાથે હૈયું ખોલવાની તક મળી છે. પરિણામે એકને ડાયાબિટીસમાં અને બીજા ત્રણને બ્લડપ્રેશરમાંઘણી રાહત રહે છે.

બીજો પ્રકાર છે બાવાં-જાળાં પાડવાના દિવસોમાં પત્નીને મદદ કરનારા પતિદેવોનો. આના પાછા બીજા બે પેટપ્રકારો છે. એક પ્રકાર છે પત્નીને હૃદયપૂર્વક મદદ કરનારા પતિદેવોનો. (સ્વાભાવિક રીતે જ આવા પતિદેવોની સંખ્યા બહુ જ ઓછી હોય છે!) બીજો છે કમને પરાણે જોતરાયેલો. (સ્વાભાવિક રીતે આવા પતિદેવો જંગી બહુમતી ધરાવે છે.) આ પતિદેવોના પાછા બે પેટાપ્રકાર છે. એક પ્રકારના આવા પતિદેવો જોડાય છે કમને પણ જોડાયા પછી નિષ્ઠાપૂર્વક કામ કરે છે. બીજો પ્રકાર છે ડાંડ પતિદેવોનો; એ લોકો કામ કરે છે ખરા પણ કામમાં ડાંડાઈ કરે છે. આ ડાંડપતિના પાછા બે પેટાપેટા પ્રકારો છે. પહેલા પ્રકારના પતિ ડાંડ તો ખરા જ, પણ પાછા અણઘડેય એટલા. કામમાં તો હૃદયપૂર્વકની ડાંડાઈ કરે જ, પણ પોતાના અણઘડપણાથી ઘરમાં જ નુકસાન પણ કરે. અમારા આવા એક ડાંડ મિત્ર દર વરસે દિવાળીની સાફસૂફી દરમિયાન ચાર-પાંચ રકાબીઓ ફોડે છે; પાંચ-સાત કપને કર્ણવિહીન (નાકા વગરના) બનાવે છે; ત્રણ ચાર ઇલેક્ટ્રિક બલ્બ ફોડે છે, તક મળે તો એકાદ ટ્યુબલાઇટ ફોડે છે, સ્ટીલનાં વાસણોને ચિરંજીવ ગોબા પાડે છે... વગેરે વગેરે. અમારા બીજા આવા ડાંડ અને અણઘડ મિત્ર અત્યારે પાંચ ઓશીકાં ગોઠવી એના પર પ્લાસ્ટરવાળો પગ લટકાવીને પડ્યા છે. બન્યું એવું કે એમનાં પત્ની એમને ટ્યુબલાઇટ સાફ કરવાની કામગીરી સોંપી ઘરથી નજીક આવેલા ગલ્લે શાક લેવા ગયાં. મિત્રે થોડો સમય તો મૅગેઝિન વાંચવામાં ગાળ્યો. પત્નીનો પાછા આવવાનો સમય થયો એટલે મિત્ર એક બીજું ટેબલ લઈને એના પર ચડી ટ્યુબલાઇટ સાફ કરવા લાગ્યા. પત્નીએ આવીને બેલ વગાડી. પત્ની પોતાને ઓન ડ્યુટી એટલે કે ઓન ટેબલ જોઈ શકે એવી સદ્‌ભાવનાથી મિત્રે ટેબલ પરથી જ હાથ લંબાવી સ્ટોપર ખોલવાનો હેરતભર્યો પ્રયોગ કર્યો. એમાં એમનાથી ટેબલના છેડે આવી જવાયું. ટેબલે પોતાના માલિકને બદલે સર આઈઝેક ન્યૂટન તરફ પોતાની વફાદારી બતાવી ગુરુત્વાકર્ષણનો નિયમ સાચો પાડવાનો આગ્રહ રાખ્યો, પરિણામે મિત્ર પણ ટેબલ સાથે ભોંયતળિયા તરફ આકર્ષાયા. ટ્યુબલાઇટના આધારે ન લટકી શકાય એટલું તો મિત્ર સમજતા જ હોય, પણ 'ડૂબતો તરણું ઝાલે' – એ કહેવત સાચી પાડવા મિત્રે એક ટ્યુબલાઇટ ઝાલી; ટ્યુબલાઇટે પણ નીચે પડવામાં એમનો સંગાથ કર્યો, આમ છતાં એ વીર પુરુષે થોડું ઘસડાઈને પછી એક પગે ઊભા થઈ બારણું ખોલ્યું અને પત્નીનું ભાવભીનું સ્વાગત કર્યું. હું ખબર કાઢવા ગયો ત્યારે મિત્રે મને ખાનગીમાં કહ્યું, 'એકંદરે આપણે ફાયદામાં છીએ. બાવાં-જાળાં પાડવામાંથી મુક્તિ મળી ને આટલો બધો આરામ મળ્યો ને પ્રભુકૃપાથી હજુ થોડા દિવસ મળશે.'

હે પ્રિય પુરુષ વાચકો! તમે આમાંથી કયા પ્રકારમાં આવો છો?

મેં જોયાં નથી કોઈ યુદ્ધ – બાબુ સુથાર

મેં જોયાં નથી કોઈ યુદ્ધ
કે જોઈ નથી કોઈ તોપો
મારી ગલીમાં
કે મારા ગામમાં,
કે મેં નથી જોયા સૈનિકો
માથે લોઢાનો ટોપો મૂકીને
લેફ્ટ કરતા કે રાઈટ કરતા.
મેં જોયા છે મારા બાપાને
ખભે વાંસલો મૂકીને કામે જતા,
મેં જોઈ છે મારી માને
ખભે દાતરડું ભેરવીને ખેતરે જતી,
મેં જોયો છે નાથિયા વાણિયાને
ભાગોળેથી બૂમો પાડતાં આવતો :
કોયાભાઈ, વ્યાજ તૈયાર રાખજો; મૂડી દિવાળીએ,
આજે પણ ક્યારેક મને ઊંઘમાં
એ બૂમ સંભળાતી હોય છે ત્યારે
મારા ગામની ભાગોળે અદૃશ્ય થતી જતી
નાથા વાણિયાની પીઠ દેખાતી હોય છે.

[નવનીત સમર્પણ, નવેમ્બર ૨૦૧૬]

જાપાન વિશે.... – ગંગાદાસ મહેતા

*મુંબઈના સ્ટીલ બજારના અગ્રણી વેપારી રહેલા **ગંગાદાસ પ્રાગજી મહેતા**(૮-૧૨-૧૯૧૫ – ૧૪-૧૧-૨૦૦૫) મધ્યકાલીન સાહિત્યના રસિક અભ્યાસી હતા. **'આપણી ભજનવાણી'** ભક્તિપદોના રસાળ ને જાણકારીવાળા એમના આસ્વાદોનો બૃહદ સંગ્રહ છે. એમણે એક વાર્તાસંગ્રહ પણ કરેલો.*

*વ્યવસાય-નિમિત્તે એમને દેશ-વિદેશના ઘણા પ્રવાસો કરવાના થયેલા. એના પુસ્તક **'અમારી લાખેણી જાત્રા'**માંથી જાપાન વિશેનું પ્રકરણ અહીં મૂક્યું છે.*

૧. આવતી કાલના નાગરિકોનું જતન કરતું જાપાન

ટોકિયોનો એક રવિવાર હતો. આમ તો રવિવાર એટલે ઑફિસના માણસોને છુટ્ટીનો દિવસ. પણ અમારી એક બહુ જૂની જાપાની કંપની. મૅનેજરનો શનિવારે ફોન કે રવિવારે જો તમને કંઈ કામ ન હોય તો એમની કંપની મને ટોકિયો બધે ફેરવવા માગે છે. મેં હા પાડી તેથી તેમણે કહ્યું.

"હું તો નહીં આવી શકું પણ અમારી ઑફિસની એક સેક્રેટરી તમારી સાથે આવશે. બધું બતાવશે."

"રવિવારે કેટલા વાગે આવશે?"

"તમે કહો ત્યારે!"

"સવારના નવ વાગે આવી શકશે?"

"જરૂર, તમે તૈયાર રહેજો. તમારી હોટલ પર તમને લેવા આવશે."

હું ટોકિયોની પ્રખ્યાત ડાયચી હોટલમાં ઊતર્યો હતો. મોટી હતી. દુનિયાભરના સહેલના શોખીન માણસોની માનીતી આ હોટલ હતી. હું જ્યારે અહીં પ્રથમ આવ્યો ત્યારે ટોકિયોનાં છાપાંના ખબરપત્રીઓને જવાબો આપતાં થાકી ગયો હતો. એટલા બધા ખબરપત્રીઓ ને અને બધા એમના ધંધાની બાબતમાં બહુ ઝીણવટથી પ્રશ્નો પૂછે. આ હોટલમાં રવિવારે નવ વાગ્યા ને ફોનની ઘંટડી રણકી.

"મિ. મહેતા, હું નીચે ઊભી છું. તમારી રાહ જોઈ રહી છું. તમે નિરાંતે આવો, આપણે બહાર ફરવા જવાનું છે."

હું તો તૈયાર થઈને જ એમની રાહ જોઈ રહ્યો હતો. એટલે તરત જ નીચે હોટલના રિસેપ્શન ડેસ્ક પાસે એક નાની છોકરી ઊભી હતી. મને આવતો જોઈને એણે હાથ ઊંચો કર્યો. મેં પૂછ્યું,

"મને કેવી રીતે ઓળખી ગયાં?"

"અમારા સાહેબે તમારું વર્ણન કર્યું હતું." આપણે રહ્યા હિન્દુસ્તાની ને એમાંય કાઠિયાવાડી. આપણો રંગ રહ્યો કાળો એટલે એમને ઓળખવામાં

મુશ્કેલી ન પડી. આ નાની છોકરી મને આખું ટોકિયો શહેર બતાવવાની છે? એ મને ઑફિસમાં કામ કરતી યુવતી કરતાં કૉલેજમાં ભણતી કૉલેજગર્લ જેવી લાગી. વધુ વિચાર કરું ત્યાં એણે શુદ્ધ અંગ્રેજીમાં મને પૂછ્યું,

"મિ. મહેતા, શું શું જોવું છે?"

એમ તો ટોકિયોનાં મુખ્ય મુખ્ય જોવાલાયક સ્થળોની નામાવલિ મોઢે હતી. પણ મેં એને કહ્યું,

"તમે જે દેખાડો તે આજ તો જોવું છે."

"તમે ટોકિયો ટાવર જોયું છે? જો ન જોયું હોય તો એ ટાવર જોવા જેવો છે."

"મેં એ ટાવર જોયો નથી. પણ એ વિષે ખૂબ સાંભળ્યું છે. ચાલો ત્યાં જ જઈએ. મઝા આવશે."

અને અમે બહાર નીકળ્યાં. મેં ધાર્યું હતું કે એ ગાડી લાવી હશે. પણ એણે તો ટૅક્સી બોલાવી. ટૅક્સીમાં બેઠાં ને ટોકિયો ટાવર તરફ અમે આગળ વધ્યાં. ટૅક્સીમાં મને કહે,

"આજે રવિવાર છે. ઑફિસની ગાડી તો મળે પણ શોફર ન મળે. તેઓ રવિવારે રજા પાળે છે."

"ને તમે ગાડી ચલાવતાં નથી?"

મારાથી પુછાઈ તો ગયું, પણ એ થોડી અવિવેકી ભાષા થઈ. એમાં એવો અર્થ સમાયેલો પણ હોય કે ગાડી તો લાવવી હતી! પણ જાપાની જેનું નામ! આ લોકો બહુ જ વિવેકી. તમે આડુંઅવળું વર્તન કર્યું હોય તોય વિવેક ખોઈ ન બેસે. વિવેક એ જાપાની પ્રજાનો આગળ પડતો ગુણ છે. વાતમાં, વર્તનમાં, વ્યવહારમાં તેઓ કદાપિ વિવેક નહીં ગુમાવે. આ વિવેકબુદ્ધિને લઈ તેઓ દુનિયાની બધી પ્રજામાં ભળી શક્યા છે. આ વિનય એમની લોકપ્રિયતાનું પણ એક આગવું લક્ષણ બની ગયો છે. જ્યાં જ્યાં આ પ્રજા જાય છે ત્યાં ત્યાં પોતાની સભ્યતાની એક અનોખી છાપ પાડતી જાય છે. આ જાતનો વિવેક, આવો વિનય ને આવી સભ્યતા આપણા હિન્દુસ્તાનીઓમાં પણ વધુ પ્રમાણમાં આવે તેમ સૌ ઇચ્છીએ. ઉદ્ધત વર્તન, અસહિષ્ણુ મગજ ને અસભ્ય આચારવિચાર, કોઈ પણ દેશની પ્રજા માટે નીચું જોવરાવણ ટેવો છે, માણસ-માણસ તરફનો આદર ને વિવેક એ આબાદીની ને સફળતાની ચાવી છે. એ જે પ્રજાને આવડે તે પ્રજા સદા સુખી ને આબાદ રહેવાની છે. એટલે મારાથી બોલતાં તો બોલાઈ ગયું પણ પછી પસ્તાવાનો પાર ન રહ્યો. ને મેં મૌન ધારણ કર્યું. અને મેં કહ્યું તેમ જે પ્રશ્નોના જવાબ ન આપવા હોય તે પ્રશ્નોને આ જાપાની પ્રજા એવી સલુકાઈથી, એવી સફાઈથી બાજુ પર મૂકી દે કે તમને ખબરે ન પડે કે એ પ્રશ્નથી તેઓને ખોટું લાગ્યું છે કે સારું! મારા પ્રશ્નથી એ માત્ર મીઠું હસી, એ સ્મિતે મારી જડતાને જાગ્રત કરી મૂકી. રસ્તો ખૂટે પણ વાતો ખૂટે નહીં. અહીં ટોકિયો શહેરના રસ્તા ઉપર ટૅક્સીમાં પૂરઝડપે અમે જઈ રહ્યાં હતાં એટલે સમય ખૂટ્યો. અમારું ટોકિયો ટાવર નજરે ચડ્યું. આ ટોકિયો ટાવર તો આ જાપાની પ્રજાના પ્રચંડ પુરુષાર્થનું પ્રતીક છે. જે જમીન ઉપર લાકડાંનાં મકાનો ધરતીકંપને લીધે જમીનદોસ્ત થઈ જાય ત્યાં ઇજનેરની ઉત્તમ કળાનો આ નમૂનો આ પ્રજાએ અહીં ઊભો કરી દીધો! લોખંડ અને એનાં અનેક રૂપોની કળામય રીતે ગોઠવણી કરી આ ટાવર ઉન્નત મસ્તકે ઊભો છે. એ દુનિયાના બધા ટાવર કરતાં ઊંચો ટાવર છે. ટૅક્સીમાંથી ઊતરી મેં ઊંચે એ ટાવરના શિખરને નીરખવા ડોક ઊંચી કરી તો આકાશને આંબતું એનું નયનમનોહર રૂપ દેખાયું. મેં ટૅક્સીવાળાને ભાડું આપવાનું કર્યું.

'નહીં મિ. મહેતા, અમારી ઑફિસ તરફથી આજનો બધો ખર્ચો થવાનો છે. માટે મહેરબાની કરી તમે પૈસા ક્યાંય ખરચતા નહીં.'

અમે લિફ્ટમાં એ ટાવર ચડવા લાગ્યાં. વિશ્રાંતિ માટે એક જગ્યા આવી ત્યાં અમે લિફ્ટમાંથી ઊતર્યાં. લિફ્ટને ચારે ફરતે ફેરા ફર્યાં. ને એક નાની સ્વચ્છ હોટલ પાસે આવી ઊભાં. ત્યાં તો નાની બાલિકાઓનું ટોળું એમના સ્કૂલના યુનિફૉર્મમાં ધમધમતું આવ્યું. હસતું હસતું આવ્યું ને ખિલખિલાટ કરતું ચારેકોર કૂદતું-રમતું-કિલ્લોલ કરતું બધે કુતૂહલ દૃષ્ટિથી જોવા લાગ્યું. આટલા દિવસથી અહીં જાપાનમાં આવ્યો છું ને ઠેકઠેકાણે નાનાં બાળકો નિહાળ્યાં છે. સદા હસતાં, ગુલાબી ભરાવદાર, ગોળ ગાલ, નાની ઝીણી આંખવાળાં આ બાળકોની સંભાળ માબાપ ને સરકાર ખૂબ લે છે. એમને માટે બધી જ સગવડો કરી રાખે છે. આવતી પેઢીનો એ નાગરિક છે ને સારા નાગરિક તરીકેના દરેક ગુણ એનામાં આવે એવી સતત કાળજી અહીંની સરકાર પણ રાખે છે. કોઈ પણ મોટી કે નાની

હોટલમાં જાવ ને ત્યાં જમતાં નાનાં ભૂલકાંઓ જુઓ તો તમને તેમની શિસ્ત, તેમની ચોખ્ખાઈ ને તેમની ખાવાની સભ્ય રીત જોઈને નવાઈ લાગે. જ્યારે કોઈ ઉદ્યાનમાં ભૂલકાંઓને જોવાનો મોકો મળી જાય તો તો આનંદ આનંદ થઈ જાય, એમ થયાં કરે કે આ બેમાં કોણ સુંદર ને નાજુક છે – બગીચાનાં ફૂલો કે ઉદ્યાનમાં ઉલ્લાસે ચડેલાં તંદુરસ્ત ને નિર્દોષ બાળકો?

'ચાલો હવે જઈશુંને? આપણો જમવાનો સમય થઈ ગયો.'

'કંઈ વાંધો નહીં. ઉતાવળ જરાય નથી. તમે બધું જોઈ લીધું?'

'અહીં તો ધરાઈએ તેમજ નથી. જોયા જ કરીએ એમ થયા કરે છે. પણ હવે આપણે જવું જોઈએ. બહુ મોડું થઈ જશે. ચાલો.'

એમ કહી મેં તો એનો હાથ પકડી, છેલ્લી દૃષ્ટિ ટાવરની અંદર ને બહાર કરી, ચાલવા માંડ્યું.

'કંઈ ખરીદવું નથી, તમારે?'

'હજી તો ઘણો સમય અહીં છું. આખું જાપાન જોવું છે. નિરાંતે જોઈતી વસ્તુઓ લઈ લઈશું. તમારે કંઈ લેવું છે?'

'ના રે. મારે શું લેવાનું હોય? મારું તો અહીં આવવું બહુ થાય. એમ લેવા બેસું...'

'એમ લેવા બેસો તો તમારી કમાણીના પૈસા ઓછા થાય ને એ ઓછા થાય તો તમારાં લગ્ન સમયના તમારે પોતે ખરીદવાના પોશાકના પૈસા એટલા ઓછા થાય.'

'તમે પણ ખરા છો!'

એ શરમાઈ ગઈ. વધુ બોલી ન શકી. મારે એને મૂંઝવવી પણ ન હતી. અમે વધુ બોલ્યા વિના લિફ્ટમાં નીચે ઊતરી ગયાં. ઊતરીને મેં ફરીથી એ ટાવરના શિખર પર દૃષ્ટિ કરી. મારું ઊંચે ચઢેલું મસ્તક પછી પાછું નીચે વળી જાપાની પ્રજાને અભિનંદન આપી રહ્યું. ગાડી ન હતી એટલે ટેક્સીની રાહ જોતાં અમે ઊભાં રહ્યાં.

૨. ઇન્ડિયા! બહુ જ સરસ!

ટોક્યો ટાવર પાસે રવિવારે ટેક્સીઓ ઓછી આવે તેથી થોડીવાર ત્યાં રાહ જોઈ અમે મોટા રસ્તા ઉપર આવી ઊભાં. રજાનો દિવસ એટલે ગાડીઓની અવરજવર પણ ઓછી. પાછો સાડા બારથી એક વાગ્યાનો બપોરનો સમય એટલે ટેક્સીવાળાઓ પોતપોતાની ટેક્સીનાં મીટર બંધ કરી જમવા ઘર તરફ જઈ રહ્યા હોય. ખાસ્સી પંદર મિનિટ તો નીકળી ગઈ. ત્યાં એક ટેક્સીવાળો નીકળ્યો, અમે ટેક્સીવાળાને હાથથી ટેક્સી ઊભી રાખવા ઇશારત કરી. ટેક્ષીવાળાએ અમારી સામે જોયું ને જાણે જોયું ન જોયું કરી ટેક્સી ચાલુ જ રાખી. અમે બીજી દિશાએ બીજી ટેક્સીની રાહ જોતાં હતાં ત્યાં પેલા ટેક્સીવાળાએ પોતાની ટેક્સી પાછી લીધી ને અમારી સામે આવી ગાડી ઊભી રાખી.

'ચાલો, બેસી જાવ.'

ટેક્સીવાળાએ જાપાની ભાષામાં થોડા શબ્દો બોલી અમને અંદર લીધાં. બેસતાં બેસતાં અમે બંનેએ ટેક્સીવાળાનો આભાર માન્યો. એણે તો માત્ર માથું ધુણાવી એ આભાર સ્વીકાર્યો. ગાડી તેજ કરી. મારા મનની ગતિ પણ તેજ થઈ ને મેં અમારાં યજમાનને પૂછ્યું,

'એમણે પહેલાં ના પાડી ને પછી પાછા શા માટે આપણને લેવા ગાડી દૂરથી પાછી લીધી?'

‘કેમ ખબર પડે? એને કદાચ જમવા નહીં જવાનું હોય.’

‘તમે એને પૂછી તો જુઓ?’

‘શું પૂછું?’

‘કે તમે ગાડી પાછી શા માટે વાળી ને શા માટે અમને ગાડીમાં બેસાડ્યા.’

બહુ જ ઓછું બોલનાર અમારાં યજમાન પ્રથમ તો જરા અચકાયાં પણ મારી વિનંતિને પાછી તો ન ઠેલી શકાય તેથી તેમણે ટૅક્સીવાળાને પૂછ્યું :

‘તમે ગાડી પાછી કેમ લીધી? અમને શા માટે બેસાડ્યાં? પ્રથમ ના કેમ પાડી?’

એક પળ એ ટૅક્સીવાળાએ અમારા યજમાન તરફ ને પછી મારી તરફ જોઈ ગાડી હાંકવાનું ચાલુ રાખ્યું. અમારા યજમાને ફરી પૂછ્યું :

‘એનું કારણ જાણવા અમારા આ અતિથિ ઇંતેજાર છે.’

‘વાત એમ છે કે બપોર થઈ ગઈ છે. મને ભૂખ પણ લાગી છે. મારી સ્ત્રી મારી રાહ જોતી બેઠી હશે. ને એટલે અમે ટૅક્સીવાળાઓ જમવા જતી વખતે કોઈની સવારી લેતા હોતા નથી. એ આદતના જોરે મેં તમને ન લેતાં ટૅક્સી મારી મૂકી પણ મેં તમારી તરફ જોયું હતું. તમારી સાથે આ પરદેશના મહેમાન હશે એમ મેં કલ્પી લીધું હતું. તમે એકલાં હોત તો હું પાછો આવત નહીં. પણ અહીં તો તમારી સાથે પરદેશી છે. જો હું ટૅક્સી ચલાવી જાઉં તો મેં પરદેશી મિત્રનું અપમાન કર્યું ગણાય. બીજું તેઓ પાછા પોતાને દેશ જઈ મારી વર્તણૂકની ટીકા પોતાના દેશવાસીઓ આગળ કરે. એમાં અમારી ટૅક્સીવાળાઓની જમાતને નીચું જોવાપણું થાય પણ સાથે સાથે મારા દેશનું પણ બૂરું બોલાય. આપણે ત્યાં આવેલ પરદેશી આપણી પ્રજાની આવી તુમાખીભરી રીતભાતની છાપ લઈને જાય એ મને ન ગમ્યું. મારા દેશનું નામ પરદેશમાં વગોવાય એ મારાથી સહન ન થાય. આપણા દેશ માટે તેઓ કેવો અભિપ્રાય લઈને જાય? મારી ભૂખ પછી, મારા દેશની આબરૂ પહેલાં!

‘વાહ દોસ્ત વાહ!’

મારા મુખેથી બોલાઈ ગયું. દેશ-દાઝ તે આનું નામ! માત્ર મંચ ગજાવવાથી કે લુખ્ખાં ભાષણો કરવાથી કે પોતાના સ્વાર્થહિત માટે સરકારી કાર્યવાહી સ્થગિત કરી નાખવાથી સાચી દેશદાઝ, દેશપ્રેમ, દેશભક્તિ પ્રગટ થતાં નથી. આવા ટૅક્સીવાળાના આવાં માનવતભાર્યાં કામોથી દેશ મહાન બને છે. પ્રજા જ પોતાના દેશની ઉન્નતિનું કે અધોગતિનું મુખ્ય કારણ રહ્યું છે. પ્રજા નવસર્જન કરી શકે છે ને પ્રજા જ ખંડન કરતી હોય છે. એટલે આ ટૅક્સીવાળાએ પોતાના દેશની એક નવીન ઝલક મને બતાવી. પછી તો આ ટૅક્ષીવાળા બોલવામાં થાકે નહીં.

‘ક્યાંના છો?’

‘તમે કલ્પના કરો.’

‘ઇન્ડોએશિયન લાગો છો.’

‘નહીં.’

મારી તો નહીં, મારા યજમાનની ધીરજ ખૂટી. તે કહે, તેઓ ઇન્ડિયન છે. હિંદુસ્તાનમાંથી આવે છે. વેપારી છે!’

કોણ જાણે શું થયું આ ટૅક્સીવાળાને કે એણે ગાડી ધીમી કરી, રસ્તાની એક બાજુ ગાડી અટકાવી દીધી. બહાર નીકળી એણે મને બહાર આવવા કહ્યું. હું મૂંઝાયો. અમારાં યજમાન પણ મૂંઝાયાં. ફરી ફરીને એણે મને ઊતરવા કહ્યું અને મારે કમને ઊતરવું પડ્યું. હું જેવો ઊતર્યો કે તરત જ એણે મને બાથમાં લીધો. તે જોરજોરથી ભેટ્યો. એ મજબૂત ને આપણે સાવ હલકા. તેથી થયું હમણાં મારાં હાડકાં ભાગીને ભુક્કો થઈ જશે.

'ગાંધીના માણસ! ગાંધીના માણસ!

ઇન્ડિયા, ઘણું સારું!'

સારું હતું કે તે દિવસ રવિવારનો હતો ને રજાનો હતો. નહીં તો અમારી આજુબાજુ માણસોનું ટોળું જામ્યું હોત. જોકે અહીં નવરા માણસો ઓછા એટલે ભાગ્યે જ જમેલો થાય. થોડા જાપાનીઓએ આ દૃશ્ય જોયું. મનમાં મલકાયા ને પોતાને રસ્તે પડ્યા. અમારા યજમાન તો આ દાખડો જોઈ જ રહ્યાં હતાં.

જાપાની પ્રજાના દેશપ્રેમના ને દેશદાઝના એક ઉમદા પ્રસંગને યાદ કરી આ જાપાનની યાત્રા પૂરી કરીએ.

ટોકિયોથી થોડે દૂર ઊના પાણીના ઝરા ને કુંડો આવેલાં છે. ફરવાનું ને પ્રવાસીઓનું માનીતું મઝાનું સ્થળ છે. હું જે દિવસે ત્યાં હતો તે જ દિવસે એક અમેરિકન સ્ત્રી પ્રવાસી પણ એ જ સ્થળે આવેલી. એક તો પ્રવાસી ને પાછી અમેરિકાની આઝાદ મહિલા એટલે બીક વગર ફરે. હાથમાં જાપાનીસ કૅમેરા રાખે. ખીસામાં રોકડા પૈસા રાખે ને મનમાં હિંમત રાખે. એ સ્થળની મીઠાશ ભોગવી હું તો પાછો ટોકિયો આવી મારા કામકાજમાં લાગી ગયો. ત્યાં ત્રીજે દિવસે ટોકિયોના સવારના છાપામાં વાંચ્યું કે પાણીના કુંડોના ફરવાના એકાંત સ્થળે રાતના કોઈ જાપાનીસ ડાકુએ પિસ્તોલની અણીએ એક અમેરિકન પ્રવાસી-મહિલાને લૂંટી લીધી. બધા પૈસા ને કૅમેરા ને કીમતી વીંટી લઈ ચોર પલાયન થઈ ગયો. અમેરિકાની એ મહિલા હેરાન-પરેશાન થઈ ગઈ. એ સમાચાર વાંચી થયું, અહીં પણ ચોર-ડાકુઓ આમ જ કરે છે. ને આ વાતને વિસારું-ન વિસારું ત્યાં ચોથે દિવસે એ જ છાપાંમાં પ્રથમ પાને છાપાંનાં તંત્રીએ છાપ્યું કે અમારા ચાર દિવસ પહેલાંના ચોરીના સમાચારને લીધે આખા જાપાનમાંથી અમને એ મહિલા તરફ સહાનુભૂતિના હજારો કાગળો મળ્યા છે. અનેક સ્ત્રી-પુરુષોએ અમારી ઑફિસે પૈસાનો જાણે કે વરસાદ વરસાવી લખ્યું કે અમારા વતી આ પૈસા પેલા અમેરિકાની પ્રવાસી મહિલાને પહોંચાડજો. અમારા એક દેશબંધુએ આવું નામોશીભર્યું કામ કર્યું છે તેથી અમારો આખો દેશ એવો ચોરડાકુનો નથી એ વાત અમેરિકા જઈ તમારા દેશવાસીઓને કહેજો. અમારા દેશની છાપને આવા એક કાળા કૃત્યથી બગડવા ન દેતાં.

[અમારી લાખેણી જાત્રા, ૧૯૯૭]

માણેકડું – વિનોદ અધ્વર્યુ

કાવ્ય દલપતરામની સભારંજની શૈલીનું, પણ આજેય રસપ્રદ નીવડે એવું છે.

(લેખક વિશે જુઓ છેલ્લે સ્નેહાંજલિ)

કાળિયો કુંભાર, ઘેર ગધેડાં છે બાર,
એમાં એક છેક અડિયલ માણેકડું નામનું;
ખડ ખૂબ ખાય તોય ભાર ઊંચકાય નહીં,
કાળિયાને લાગે નહીં કદી કશા કામનું.

કાળિયો બિચારો કોટિ ઉપાય વિચારે, ડીફાં
દસવીસ મારે, પણ માને જડ જાત રે?
આખર ઉપાય મળ્યો અચાનક એક જ્યારે
ગાજર દેખીને દોડ્યું માણેકડું ખેતરે.



લાંબી એક લાકડીને માણેકની પીઠે બાંધી,
લટકાવી દીધાં ચાર ગાજર જ્યાં મોખરે,
લાલચે લોભાઈ દોડે માણેક બિચારું હવે,
રોજ ખેંચે બોજ, પામે ગાજર ના એક રે!

કાળિયાની જુગતીથી લોક બહુ રાજી થાય,
વિમાસું હું માણેકનું દેખી મોં દયામણું.
આપણે ન દોડી રહ્યા ગાજરની લાલચે જ?
કોકે લટકાવ્યું સામે સપનું સોહામણું!

[નંદિતા, ૧૯૬૦]

અભિજ્ઞાનનાં અંધારાં-અજવાળાંની ઓથે : ‘મસાન’
– શક્તિસિંહ પરમાર

ફિલ્મ : મસાન; દિગ્દર્શન : નીરજ ઘેવાન, લેખન : વરુણ ગ્રોવર, સંગીત : ‘ઇન્ડિયન ઓશન’, સંપાદન : નીતિન વૈદ્ય, મુખ્ય અભિનયકારો : રીચા ચઢ્ઢા, સંજય મિશ્રા, વીકી કૌશલ, શ્વેતા ત્રિપાઠી, પ્રકાશન તારીખ : ૨૪ જુલાઈ, ૨૦૧૫ (ભારત), ૧૯ મે, ૨૦૧૫ (કાન્સ ફિલ્મ ફેસ્ટીવલ) સમય : ૧૦૯ મિનિટ. ભાષા : હિન્દી

આ ફિલ્મ સારી હશે એ વાતની પુષ્ટિ તો ત્યારે જ થઈ ગઈ જ્યારે આ ફિલ્મ સિનેમાઘરોમાં બે દિવસ પણ ન ચાલી. કોઈ સિનેમાઘરે તો આ કોડભરી ફિલ્મને ઉંબરેથી જ પાછી ઠેલી હશે. ફિલ્મનું નામ જે દિશાનું સૂચન કરતું હતું, એના કરતાં ફિલ્મ થોડા જુદા રંગની નીકળી. આ અપેક્ષાભંગનો પણ આનંદ તો થયો જ.

ફિલ્મ ઊઘડતા પહેલાંનો અંધકાર જ ચોંકાવી ગયો, જેમાં માત્ર રતિક્રીડાના અવાજો ગુંજતા હતા. શ્રુતિનો પહેલો અનુભવ! તેનાથી વિપરીત દૃશ્ય પ્રત્યક્ષ થયું. કોઈ કન્યા કુતૂહલતથી પ્રેરાઈને કમ્પ્યુટર પર દૈહિક શૃંગાર જોઈ રહી છે. સુષ્ઠુ અભિરુચિવાળા ભાવકને અહીં અવશ્ય આંચકો લાગે. ઉત્તરપ્રદેશ પરિવહનની જાહેર બસ અને વારાણસી છાવણી પરિષદના સૌજન્યથી ચાલતું શૌચાલય વાંચીને ફિલ્મનો પરિવેશ કાશી છે એટલું તો સ્પષ્ટ થયું. એ છોકરી ઘરેથી નીકળી અને જાહેર બાથરુમમાં જઈ ગૃહિણી જેવો વેશ પલટો કરીને કોઈ સસ્તી હોટલમાં એક રૂપકડા છોકરા સાથે શરીરક્રીડામાં વ્યસ્ત થઈ ત્યાં સુધીની આ ફિલ્મની શરૂઆતની મિનિટો તો જાણે ભાવકને ગેરમાર્ગે દોરી જઈ રહી હતી. ખરેખર, શું જીવનમાં સુખ આટલું જ હાથવેંત છેટું હશે જેમ આ ફિલ્મની નાયિકા દેવી માનતી હતી કે તેને મળી ગયું?! જો જીવનમાં બધું જ ધારણા પ્રમાણે થતું હોત તો જીવન આટલું રંગમય-રસભર ન હોત. અચાનક જ બારણા પર ધડાધડ પ્રહારો અને ગાળોનો વરસાદ થાય છે. અંદર રહેલાં બંને અરધાં ઉઘાડાં શરીરો ગભરાઈને દોડાદોડી કરી મૂકે છે અને બારણું તોડીને કાયદાના રક્ષકો પ્રગટે છે. પોલીસ દ્વારા અહીં જે માનસિક બળાત્કાર થયો તે સહન ન થવાથી છોકરો, નામઃ પીયૂષ અગરવાલ, કાંડાની નસ કાપીને સ્થળ પર જ

આત્મહત્યા કરે છે. દેવી ક્યારેય ન કલ્પ્યું હોય તેવા સંકટમાં આવી પડે છે. દેવીનો ઘરડો બાપ ગંગાના ઘાટ પર પરચુરણ પૂજાપાસામગ્રી વેચનાર સામાન્ય માણસ છે. દેવીની આ એક ભૂલ, બાપદીકરીના નાનકડા સંસારને પોલીસની ધનવાસનાના કુંડાળામાં લાવી મૂકે છે. છોકરાના મૃત્યુનું આળ પણ દેવીના માથે જ મઢવામાં આવ્યું. વાર્તાના સંઘર્ષે હવે ગતિ પકડી. આ વાતને દબાવવા પોલીસે માંગેલા ત્રણ લાખ રૂપિયા જેટલું વજન આ ડોસો ક્યાંયથી પણ લાવી શકે એમ ન હતો. ઘરની બધી માયામૂડી લૂછીને થોડો હિસ્સો ચૂકવે છે. બાકીના રૂપિયા માટે ઉછીઉધારો કર્યો પણ એમ થૂંકની ભીનાશે લાડવા શેં વળે! આ આર્થિક આપત્તિને પહોંચી વળવા દેવીએ પણ ક્યાંક આછીપાતળી નોકરી લીધી. પણ દેવીના આ સ્ખલનને લીધે એ એના સમાજમાં એવી ખરાબ રીતે ચેરાઈ ગઈ કે નવી નોકરીની જગ્યાએ પુરુષો, સહકાર્યકરો મટી માત્ર નર બની ગયા. દેવીને નિર્લજ્જ પ્રસ્તાવો મળવા લાગ્યા. ફિલ્મમાં દેવીની કથાની સમાંતરે બીજી એક કથા પણ વહેતી આવે છે. ગંગાના ઘાટ પર મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવાનું કામ કરતા ડોમલોકોના પરિવારમાં જન્મેલો દીપક એન્જિનિયરીંગ શાખામાં ભણ્યો છે અને બાપીકો વ્યવસાય છોડી નોકરી માગે છે. એક શાલુ નામની કન્યા સાથે એને પ્રેમ થાય છે. શાલુ ઉચ્ચવર્ણની હોવાથી દીપક લઘુતા અનુભવે છે.

જો ભાવકની આંખ ઝીણું ‘સાંભળનારી’ હોય તો બે પ્રચલિત ભારતીય કથાસૂત્રો ફિલ્મ ‘જોતાં’ અવશ્ય સંભળાય. કાશીનો પરિવેશ અને નિર્લેપભાવે થતાં સ્મશાનકર્મ જાણે-અજાણે ભાવકમનને રાજા હરિશ્ચંદ્રની કથા સુધી લઈ જાય. વળી દીપકનું ઘર પણ હરિશ્ચંદ્રઘાટ પર અને રોજ અગણિત મૃતદેહોને નિર્મમતાથી સળગાવવાનો તેનો પરંપરાગત ધંધો હતો. તુદપરાંત દેવી અને દીપકની કથાનાં અનેક સૂત્રો અભિજ્ઞાન શાકુન્તલની વાર્તા તરફ પણ ઈંગિતો કરે. જેમાં દીપકની પ્રેયસીની આંગળી પર રહેલી મુદ્રિકા સહુથી વધુ મહત્ત્વનું મૉટિફ સાબિત થાય છે. આ એક વીંટી બે બે કથાવહેણને વળાંકો આપવાનું કામ કરે છે. શકુંતલાના જીવનના બધા જ ઉતારચઢાવ પાછળ તો દુષ્યંત સાથે કરેલો અલ્પકાલીન અભિસાર જ કારણભૂત હતો. અહીં દેવી સાથે પણ એ જ થયું. પ્રેમમાં જો પ્રાકૃતિક આવેગનું સત્ય ભળ્યું તો એ સત્યની કિંમત હરિશ્ચંદ્રની જેમ દેવી અને એના બાપે પોલીસને ‘દક્ષિણા’ રૂપે ચૂકવવી પડી. દર મુદ્દતે હાજર થઈ જતો પોલીસ અમલદાર દુર્વાસાની ઉગ્રતાની યાદ અચૂકપણે અપાવી જાય છે.

આ દરમિયાન કથાની બીજી ધારામાં દીપક પોતે શાલુ કરતાં નીચું કુળ અને સામાન્ય રીતે લોકો પસંદ ન કરે તેવું કુળધર્મ ધરાવે છે, એ વાતનો તે શાલુની સામે આક્રોશપૂર્વક સ્વીકાર કરે છે. આ ઘટના પછી તરત જ શાલુ પરિવાર સાથે હિમાલય યાત્રા કરવા જાય છે. મૉબાઇલફોન રૂપી મેઘ આ યક્ષના સંદેશાઓ હિમાલયમાં ફરતી નાયિકાને પહોંચાડતો રહે છે. આ વાર્તાલાપમાં શાલુ નાતજાતના વિસંવાદ ભુલાવીને જરૂર પડ્યે ભાગીને લગ્ન કરવાની તૈયારી પણ બતાવે છે ને અહીં હરિશ્ચંદ્રઘાટ પર જેમ રાજા હરિશ્ચંદ્ર રાણી તારામતીના વિયોગમાં ડોમકર્મ કરતો હશે તેમ દીપક પણ એક પછી એક મૃતદેહોને સળગાવતો પ્રેયસીની રાહ જુએ છે. પ્રણય જેવું ઋજુ સંવેદન સ્મશાન જેવી કઠોર જગ્યાએ પણ બહુ વિરુદ્ધરંગી રંગછટા સાથે ઉઠાવ પામતું રહે છે. એક રાત્રે ’અર્ધી ઊંઘમાંથી ઊઠીને દીપકે કામે લાગવું પડે છે કેમ કે તે રાત્રે મૃતદેહોની આવક વધી ગઈ છે અને ઊંઘથી ભરેલી આંખે એક શબને ચિતા પર ખડકતા દીપકની નજર એના હાથમાં રહેલી વીંટી પર પડે છે. શાલુ બસ અકસ્માતમાં પરિવાર સમેત મૃત્યુ પામી હોય છે. અગાઉ શાલુએ એક મુલાકાતમાં કહ્યું હતું કે તેની આંગળી પરની આ વીંટી ક્યારેય ઊતરતી નથી, એ જ વીંટી અભિજ્ઞાન બની ને અહીં ઊભી રહે છે. શકુંતલાની આંગળીમાંથી સરકી ગયેલી વીંટી અને શાલુની આંગળીમાં ફસાઈ ગયેલી વીંટી, બંનેએ કથાનાં વહેણ બદલ્યાં. પુરાણકથાને અંતે હરિશ્ચંદ્રને પણ તારામતી આ મસાણમાં જ તો મળી આવી હતી તેમ દીપકને પણ આ મસાણમાં તેની શાલુ મળી તો ખરી, પણ મૃત દશામાં...! ચિતાની રાખમાંથી વીંટી શોધીને દીપક દિવસો સુધી આક્રંદ કરતો રહ્યો. અંતે તેણે એ વીંટીને ગંગામાં પધરાવીને જીવનને ફરી વહેતું કર્યું.

આ બાજુ પોલીસને ચૂકવવાની અંતિમ રકમ માટે ડોસો જીવ પર આવીને પૈસા મેળવવા પ્રયત્નો કરી રહ્યો હતો. અહીં ડોસાની દુકાને કામ કરતો જોન્ટા નામનો કિશોર નાનકડી પણ મહત્ત્વની ભૂમિકા કરી જાય છે. ગંગાના કિનારે નાનકડા કિશોરો પાણીના તળિયેથી શ્રદ્ધાળુઓએ પધરાવેલા સિક્કા વીણી લાવે છે ને કયો બાળક સૌથી વધુ સિક્કા શોધી લાવશે તેની ઉપર માનવમેદની જુગાર રમતી હોય છે. ડોસો પણ પોલીસને ચૂકવવાની ચિંતાને લીધે પૈસા ભેગા કરવાની લાલચમાં જોન્ટાને ગંગામાં કૂદીને આ ખેલ કરવા ધકેલે છે. મોટે ભાગે વિજેતા બનતો જોન્ટા આજે ઘણી વાર સુધી પાણી ઉપર આવતો નથી. ડોસો બેબાકળો થઈ તેને સાદ કરે છે, તરવૈયાઓને કુદાવે છે. આ આખું દશ્ય હૃદયને કંપાવી દેનારું બન્યું છે. બેભાન જોન્ટાને શોધી લવાય છે ત્યારે તો લાગે જ છે કે દક્ષિણા આપવાનાં આ વિષચક્રમાં ફરી એક વાર બાળક રોહિતાશ્વનો ભોગ લેવાયો. પણ જોન્ટા બચી જાય છે. વળી પાણીના તળિયેથી પોતાની સાથે બંધ મુઠ્ઠીમાં એક વસ્તુ છુપાવીને લાવ્યો છે, જે ફિલ્મની કથાને મોક્ષ તરફ લઈ જનાર છે. એ વસ્તુ હોય છે દીપકે પાણીમાં પધરાવેલી શાલુની વીંટી.

કહેવાની જરૂર નથી કે આ વીંટી વેચીને ડોસો પોલીસને ચૂકવવાની રકમ પૂરી કરે છે. આ વીંટીથી દેવીને દક્ષિણાનાં કુચક્રમાંથી મુક્તિ તો મળી. પણ દેવીનું મન હજી એ ઘટનાને વિસરી નથી શક્યું. રેલ્વેમાં નોકરી મેળવીને એ ઠીક ઠીક કમાતી થઈ છે. પણ પીયૂષના મૃત્યુનો ભાર હજી એના મન પરથી હટતો નથી. હોટલના રૂમમાં પીયૂષે આપેલી ભેટનું પડીકું હજી સુધી ખોલી નથી શકી. જાણે એ સ્મરણને, એ પ્રકરણને ફરી ખોલવાની તેની હિંમત જ નથી. બંધ ખોખામાં રહેલું આ બીજું અભિજ્ઞાન દેવીના બંધિયાર થઈ ગયેલા મનનું જ પરિચાયક બની રહે છે. નવા કોઈ પણ સંબંધને દેવી સ્વીકારી શકતી નથી. અંતે, દેવી પીયૂષે આપેલી ભેટને ખોલ્યા વગર જ ગંગાઘાટ પર જાય છે. આ કથાના અંતિમ અભિજ્ઞાનને જળમાં પધરાવીને દેવી એ આકરા સ્મરણજગતમાંથી મુક્ત થાય છે. છેક સુધી આ પડીકું બંધ જ રહે છે એ નાનકડું ગોપન પણ આ ફિલ્મની કલાત્મકતામાં વધારો કરી દે છે. દેવીની નિર્વ્યાજ લાગણીને એ બંધ હાલતમાં જ, મૂક રૂપે વર્ણવી જાય છે, અનાયાસે દીપક અને દેવી ગંગાના એ ઘાટ પર મળી જાય છે જે સ્થળેથી હોડીવાળા સહુને સંગમસ્થળ તરફ લઈ જતા હોય છે. બંને કથાઓ પણ અહીં આવીને ભળે છે. હોડી બંનેને લઈને કથાને કોઈ આશાવાદી ક્ષિતિજ તરફ દોરી જાય છે.

શીર્ષક ઉપરથી એ પણ ખ્યાલ તો આવતો જ હતો કે આ કોઈ બજારુ નજરોને લલચાવનારી ફિલ્મ નહિ જ હોય. વળી, આ ફિલ્મમાં નાયક-નાયિકાઓ બહુ સામાન્ય દેખાવવાળાં પસંદ કરીને ફિલ્મકારે કથાને કલ્પનાલોક બનતી અટકાવીને વાસ્તવની ધરતી સાથે જોડી રાખી છે. કાશી જેવો ભવ્ય પરિવેશ હોવા છતાં પણ જરા ય

વ્યામોહમાં પડ્યા વગર ફિલ્મ બિનજરૂરી ઝાકઝમાળથી આરક્ષિત રહી છે. દરેક પાત્ર જીવન પાસે તરસ્યા કંઠે કૈંક અપેક્ષા કરે છે અને એ અભાવોના ઘેરા રંગોના ફલક પર અહીં તીવ્ર તૃષાતુર જીવનરંગો વધુ સારી રીતે ઉઠાવ પામે છે. દુષ્યંતકુમાર ત્યાગીની 'સાયે મેં ધૂપ' સંગ્રહમાંથી ઉદ્ધૃત લોકપ્રિય રચના 'તું કિસી રેલ સી ગુઝરતી હૈ, મૈં કિસી પુલ સા થરથરાતા હું' તથા વ્રજનારાયણ ચકબસ્તની કવિતાના ઉલ્લેખોથી ફિલ્મને કાવ્યાત્મકતાનું આભિજાત્ય મળે છે. કવિતાનાં સ્વરાંકન પણ કર્ણ અને હૃદય બંનેને મુદિત કરે તેવાં છે.

'કમ્પ્યુટર' જેવું સ્થૂળ ઉપકરણ, જેની આપણે એક મશીન તરીકે જ નિંદા કરતાં આવ્યાં છીએ, તે પણ અહીં અનેક ભૂમિકાએ આરંભથી અંત સુધી ફિલ્મમાં ઉપસ્થિત રહે છે. કદાચ દેવી અને પીયૂષના મિલાપની પાછળ પણ કમ્પ્યુટર અને ઇન્ટરનેટ હોઈ શકે, દેવીની વાર્તામાં કમ્પ્યુટર ફિલ્મના આરંભે જ શૃંગારિક ફિલ્મ જોતા, કમ્પ્યુટર ઓપરેટરની નોકરી છોડતા નવી નોકરીની જગ્યાએ અશ્લીલ વાતોનો ભોગ બનતા, રેલ્વેની નોકરીમાં એક સહકાર્યકર સાથે એક સારા સંબંધની શક્યતા ઊભી થવા પાછળ તથા દીપક અને શાલુના ફેસબુક સોશિયલ સાઇટ દ્વારા થતા પ્રણયવિકાસમાં કમ્પ્યુટર એક મહત્ત્વપૂર્ણ ઉદ્દીપન વિભાવ બની રહે છે. આ બધાં સાંપ્રત સમયનાં એવાં એવાં વ્યવહારુ વાનાંઓ છે જે કથાને સહાયરૂપ બનતાં રહે છે.

શીર્ષક માટે 'મસાણ' જેવો લોકબોલીનો પર્યાય યોજીને સર્જકે સ્મશાનની ભારેખમ, મીંઢી અને વિરૂપ બાજુને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. આપણા સાહિત્યની ભગવતી ગંગા તેની ચિરપરિચિત ઓળખને છોડીને અહીં ખૂબ જુદી મુદ્રામાં ઉપસ્થિત છે. મસાણ અને ગંગા બંને સાથે મૃત્યુ અને મુક્તિ જોડાયેલાં છે. આ કથાનાં બંને પાત્રો દેવી અને દીપક બંનેનાં પ્રિયજનો મૃત્યુ પામ્યાં છે, પણ પાછળ છૂટી ગયેલા સાથીને એમના સ્મરણલોકમાંથી મુક્તિ અપાવનારી પણ ગંગા જ છે. એ અસ્થિરૂપે હોય, વીંટી રૂપે હોય, કે ભેટના નાનકડા પડીકા રૂપે હોય. તે બધું ગંગામાં જ વિલીન થાય છે. જીવનના એ બધા જ યાતનામય સ્મરણોને ગંગા જ મુક્તિ આપે છે. ગંગા અહીં નદી જ ન બની રહેતાં સમયનું વહેણ પણ સાબિત થાય છે. ચિતાઓની આંચે શેકાતી, ગંગાજળમાં કૂદી સિક્કા શોધવા ફાંફા મારતી, હોટેલના રૂમમાં હૂંફ શોધતી, નિર્મોહી બની મનુષ્યદેહોને હડસેલી હડસેલીને ફૂંકતી-સળગાવતી, પૂજાપાની સામગ્રી વચ્ચે અનાસ્થાપૂર્ણ નિસાસા લેતી, ટિકિટબારી પર નિર્લેપ ચહેરે એકવિધ કામ કર્યે જતી જડ જિંદગીઓ અહીં ગંગાનદીના કિનારે અનેક સ્વાંગ ધરીને વિચરતી રહે છે.

હવામાં વહેતા મૂકેલા ફુગ્ગાઓ દ્વારા પ્રણય નિવેદન/સ્વીકાર, ટી.વી.માંથી સંભળાતી વાઘ અને મનુષ્યની કથા દ્વારા અમંગલ ભાવિઘટનાનો સંકેત વગેરે પ્રયુક્તિઓ સાદી છતાં નવીન રીતે આવિષ્કૃત થઈ છે. દેવીની માના મૃત્યુની રહસ્યમયતાથી સર્જાતો અધ્યાહાર અહીં ધ્યાનપાત્ર પરિમાણ બની રહે છે. એના કારણે બાપદીકરીના સંબંધમાં ગેરસમજણ ગૂંચવાતી રહે છે, જે આ ફિલ્મનું એક વધારાનું પણ જરૂરી ઉપાખ્યાન બની રહે છે. અભિનયકળા પણ પ્રશંસનીય રહી છે. રીચા ચઢ્ઢાએ દેવીની ભૂમિકામાં મહદ્ અંશે મૌન રહીને શબ્દોના અભાવથી સંવાદના ખાલીપાને ભર્યો છે. તેની આંખોમાંથી સતત વહેતી લાગણીશૂન્યતા આખી ફિલ્મની ચાલકગતિ બની રહી છે. મોટાભાગે હાસ્યરસની ફિલ્મોમાં જ દેખાતા સંજય મિશ્રાએ દેવીના લાચાર બાપની ભૂમિકા કરીને તેની પક્વ અભિનયક્ષમતાને પ્રમાણિત કરી છે. કેમેરાએ કરેલું નયનરમ્ય અને પ્રત્યાયનક્ષમ દશ્યાંકન, એ એક વધારાનો નેત્રોત્સવ, પ્રકાશ અને અંધકારની અટપટી દશ્યલીલા દ્વારા 'મસાણ' ફિલ્મરસિયા લોકોને જાણીતી જિંદગીને નવી નજરે જોવાની, મનને નિર્મળ બનાવીને વહેતું કરવાની તક આપે છે.

[તથાપિ, જૂન-જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૬]

શું, શાં – અદમ ટંકારવી

બ્રિજરાતી એટલે બ્રિટિશ ગુજરાતી, બ્રિટનની ગુજરાતી ભાષા.

બ્રિટનમાં માતૃભાષાને જીવતી રાખવાનો પ્રશ્ન અહીં વસતા ગુજરાતીઓ માટે પ્રાણપ્રશ્ન છે. ૧૯૯૧માં હું બોલ્ટનની છોકરીઓની નિશાળમાં શિક્ષક તરીકે જોડાયો, ત્યાં ગુજરાતી વૈકલ્પિક વિષય તરીકે શીખવતા. પૅરેન્ટ્સ ડે – વાલીદિને જે માબાપો બાળકોના અભ્યાસ વિશે ચર્ચા કરવા આવે તેમાં ફર્સ્ટ જનરેશન ઇમિગ્રન્ટ્સ – પ્રથમ પેઢીના વસાહતીઓ હોય તેવાં વડીલો, બાળકો આપણી ભાષા શીખે છે તે વાતે પ્રસન્નતા વ્યક્ત કરતાં. પણ અહીં જન્મી ઊછરેલી બીજી કે ત્રીજી પેઢીનાં હોય તે પ્રશ્ન કરતાં કે, વિદેશી ભાષા તરીકે ગુજરાતી શા માટે શીખવો છો? ફ્રેન્ચ કે જર્મન કેમ શીખવતા નથી? આમ વાલીઓ સાથેની ચર્ચાથી ગુજરાતી પ્રત્યેના બદલાતા વલણનો ખ્યાલ આવતો.

શાળાસમિતિના બેત્રણ વૃદ્ધ સભ્યો અભ્યાસક્રમમાં ગુજરાતી ચાલુ રાખવાના મતના. પણ યુવાન સભ્યો 'બ્રિટનમાં ગુજરાતી ઈરૅલવન્ટ – અપ્રસ્તુત છે.' એવી દલીલ કરતાં. વર્ગમાં અંગ્રેજીના માધ્યમથી ગુજરાતી શીખવાય. કલાકના તાસ દરમિયાન પોણો કલાક અંગ્રેજીમાં બોલવું પડે. વિદ્યાર્થીઓનું ગુજરાતી શીખવા માટેનું મૉટિવેશન – પ્રેરણ નહિવત્. ગુજરાતી બોલવામાં નાનમ અનુભવે. આમ, શાળામાં ગુજરાતીને વિષય તરીકે ટકાવી રાખવામાં બધી રીતે સીધાં ચઢાણ – અન અપહિલ ટાસ્ક.

બોલ્ટનની લાઇબ્રેરીમાં પણ ગુજરાતી વિભાગ મરવાને વાંકે જીવે. નિયમ એવો કે, આખા વરસ દરમિયાન કોઈ પુસ્તકને એક પણ વાચક ન મળ્યું હોય તો તે બુકરૅક – ઘોડા પરથી ઊતરી સેલમાં જાય. આવું નવુંનકોર પુસ્તક દસ પેનીમાં વેચાય. રાવજીના અંગત અને સુરેશ જોષીના છિન્નપત્રની એક જ વરસમાં આ વલે થયેલી. વાંચનારાંની સંખ્યા ઘટે એટલે ગુજરાતી પુસ્તકો ખરીદવા માટેના બજેટમાં પણ કાપ મુકાય. આમ, બ્રિટનના બજારમાં ગુજરાતીનો સિક્કો ચલાવવાનું દિવસે દિવસે દોહ્યલું થતું જાય છે.

આ પરિસ્થિતિ જોઈ જીવ બાળનારાં પણ છે. લંડનમાં વિપુલ કલ્યાણી, પોપટલાલ જરીવાળા, પંકજ વોરા, યોગેશ પટેલ, રમેશ પટેલ, જગદીશ દવે, કવિ ડાહ્યાભાઈ પટેલ અને હવે વીનેશ અંતાણી. લેસ્ટરના ચંદુભાઈ મટ્ટાણી, વિનય કવિ અને યુસુફ સિદાત. બર્મિંગહામના પ્રફુલ્લ અમીન, ડાહ્યાભાઈ

મિસ્ત્રી અને રમણ પરમાર, બેટલીના અહમદ ગુલ અને ડૉ. રાજપરા, માન્ચેસ્ટરના દીપક બારડોલીકર અને બ્લેકબર્નના એકલવીર બાબર બંબુસરી. આ બધા ગાઈવગાડીને કહે છે કે, ગુજરાતી ભાષા જશે તો આપણી અસ્મિતા સાથેનો નાળસંબંધ ઉચ્છેદાઈ જશે, કે માતૃભાષા તો સંસ્કૃતિનું વાહક છે, વગેરે. પણ આવું બધું સાંભળી, વાંચી સમજનારા ક્યાં છે? એટલે આ અરણ્યરુદન જેવું લાગે.

પણ હિંમત હારે એ બીજા. વિપુલ કલ્યાણી તો બ્રિટનમાં ગુજરાતીના ભેખધારી. અહીં ગુજરાતી ભાષા જીવે એ એમનો જીવનમંત્ર. હરિવલ્લભ ભાયાણીને ટાંકીને સમજાવે કે, 'ભાષા માત્ર હંમેશનો જીવનવ્યવહાર ચલાવવા માટે જ નથી હોતી. ભાષા આપણા અંદર અને બહારના જીવનમાં અનેક પ્રયોજનો સાધે છે. એ અનેકવિધ હોય છે. વ્યવહારની ભાષા, હૃદયને પ્રગટ કરવા, અંતરના ઉમળકા, આવેશો ને આકાંક્ષાઓ, પ્રેમ ને ભક્તિ, વિદ્રોહ અને આસક્તિ, આદર ને ધિક્કાર – એવું બધું વ્યક્ત કરવા માટે – ભાવોના ઉછાળ, ઊંડાણ, ઝીણવટ અને ગૂંચોને પહોંચવા અને આકાર આપવા માટે, તેમના તલસ્પર્શ માટે માતૃભાષાને સ્થાને કોઈ સાવકી ભાષા ન જ ચાલે. ક્યારેક ફાધર વાલેસનો દાખલો આપે અને તેમના જ શબ્દોમાં દલીલ મૂકે કે, "ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી, એની સાથે ઓતપ્રોત છે. વણાયેલી છે. એક થયેલી છે... ભાષા ઊપડે તો પોતાનો સામાન લઈને ઊપડે. અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ."

વીનેશ અંતાણી કહે છે તેમ, આ મિત્રોને માત્ર ગુજરાતી ભાષા સચવાય એની જ ચિંતા નથી. પણ ગુજરાતીપણાને સાચવવાની ખેવના છે. એટલે જ બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીનું સૂત્ર છે : 'ગુજરાતી સાંભળીએ. ગુજરાતી બોલીએ. ગુજરાતી વાંચીએ. ગુજરાતી લખીએ. ગુજરાતી જીવીએ.' આ સૂત્ર મેં પ્રથમવાર સાંભળ્યું ત્યારે એ ઉદ્દીપનના પ્રતિભાવરૂપે ગઝલ રચાઈ જે પ્રસ્તુત છે :

ગુજરાતી સાંભળવા-બોલવા-વાંચવા-લખવા-જીવવાની ગઝલ

તું ગુજરાતીમાં જો 'આવો' કહે છે
તો મારા કાને એક ટૌકો પડે છે.

તું ગુજરાતીમાં જો વાતો કરે છે
તો તારા હોઠથી ફૂલો ઝરે છે.

લખું છું ભીંત ઉપર નામ તારું
પછી આ ઓરડો પણ ઝળહળે છે.

અમારા કાનમાં રેડાય અમૃત
તું ગુજરાતી ગઝલ જો ગણગણે છે.

ઊડે આ ગુજરાતી છાપાનો કાગળ
અને આખ્ખીય શેરી મઘમઘે છે.

મને તો એય લાગે અર્થગર્ભિત
તું ગુજરાતીમાં જે લવરી કરે છે.

એ વાંચીને દિવસ સુધરે છે મારો
તું ગુજરાતીમાં જે કાગળ લખે છે.

આ છોભીલો પડે ગુજરાતી કક્કો
તું જ્યારે જાવ નંઈ બોલું કહે છે.

આ અમ્મીજાન પણ આપે છે ઠપકો
તું ઇંગ્લિશના રવાડે ક્યાં ચડે છે?

છીએ આ હું ને મારી ભાષા એક જ
ગલત તું એક ને એક બે ગણે છે.

જુઓ આકળવિકળ ત્યાં વાણી રાણી
અને અહીંયા 'અદમ' પણ તરફડે છે.

શાળામાં વિદ્યાર્થિનીઓ ગુજરાતી વિષય ભણે છે તેમને સંસ્કૃતિ, અસ્મિતા એવું બધું સમજાતું નથી. માબાપ કહે છે એટલે ગુજરાતી ભણે છે. ગુજરાતી એમના માટે મૉડર્ન ફોરેન લૅંગ્વિજ છે. ઇંગ્લિશમાં વિચારે છે અને તેને આધારે ગુજરાતીમાં બોલે કે લખે છે. મારે બે ભાઈ છે એમ કહેવું હોય તો મારી પાસે બે ભાઈ છે એમ કહે છે. ઘેર માબાપ ગુજરાતીમાં કંઈ પૂછે તો અંગ્રેજીમાં જવાબ આપે છે. ગુજરાતી બોલવું જ પડે તો અડધાઅડધ શબ્દો અંગ્રેજીના વાપરે છે.

હાઈસ્કૂલમાં પાંચ વર્ષ ગુજરાતી ભણેલી એક વિદ્યાર્થિનીએ લૉટરીના ઇનામ વિશે નિબંધ લખ્યો છે તે અહીં અક્ષરશઃ પ્રસ્તુત છે. મૂળની જોડણી કાયમી રાખી છે.

'લૉટરી જીટી પયસા પયસા

છેલ્લા વર્ષ મને મીલીયનની લૉટરી પાયકી. હું શોપમાં પેપર લેવા ગયો. પયસા વયધા તો લૉટરીની ટિકિટ લીધી. ટિકિટની ઉપર મેં મારી બર્થડેટના નમબર લયખા.

બે દિવસ પછી મનડેના હાંજે ટીવી પર નમબર બોયલા ટો મેં જોયું કે, વાવ (wow) મારી લૉટરી પાયકી હટી. મારા દિલમાં બોજ મજા હટી. પયસાથી હું નવું ગર, નવી ગારી, નવું કપડાં લાવી, ઠોરા કરોડ બિઝનેશમાં મુયકા. બિજા બૅન્કમાં પરેલા છે. પયસા હારા કામમાં કે ખરાબ કામમાં વપરાય. હારી વાત એ કે મિત્ર નકર બૅનનો બરથ ડે હોય તો ઈમને સારી ગિફ્ટ લાઈ દેવાય. ખરાબ વાત એ કે લોકો આપરા મિત્ર એતલા માતે બને કેમ કે એ આપરા પયસા પાછર પરેલા હોય.'

પર્યાવરણ વિશેના નિબંધોમાંથી કેટલાક અંશો :

'આજકાલ બ્રિટનમાં ગાડીઓ બોજ છે. આના નુકસાન છે. પેલ્લું તો રોદ પર તરાફીક (traffic) બોજ થાય. બીજું કે પલુશન (pollution) થાય એતલે બીમારીયો વધે. અસથમા (asthma) અને કેનસર થાય એતલે લોકો મરી જાય. આની અુપરથી મારા વીચારો કહે છે કે લોકોને ગાડીઓ ઓછી કરી દેવી જોવે. પબલીક તરાનસપોરત (public transport) વાપરવી જોવે. ચાલીને જાવ કે સાઈકલ ચલાવો. તો આપરા શહેરને જ બોજ ફાયદો થસે.'

બ્રિટનમાં ગુજરાતી યુવાપેઢીનું માતૃભાષા પ્રત્યેનું વલણ જાણવા અને ગુજરાતીના શિક્ષણનું માળખું વૈજ્ઞાનિક પદ્ધતિએ રચાય એ હેતુથી ગયે વરસે બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીના નેજા હેઠળ બોલ્ટનમાં શમીમ આદમે એક સર્વેક્ષણ કરેલું. તેરથી ઓગણીસની વયનાં ટીનએજર્સ – યુવકયુવતીઓ પાસેથી પ્રશ્નાવલી અને રૂબરૂ મુલાકાત દ્વારા પાંચ પાસાં અંગે માહિતી ભેગી કરી.

૧. તમારે ગુજરાતી શીખવું જોઈએ?

(જો પ્રશ્ન ૧નો જવાબ 'હા' હોય તો)

૨. કેમ શીખવું જોઈએ?

૩. કેટલું ગુજરાતી શીખવું જોઈએ?

૪. કેવું ગુજરાતી શીખવું જોઈએ?

૫. ગુજરાતી કેવી રીતે શીખવાવું જોઈએ?

પ્રશ્ન ૧ના જવાબમાં ૮૦ ટકા સંમત થયાં કે ગુજરાતી શીખવું જોઈએ.

પ્રશ્ન ૨ ના જવાબમાં ત્રણ મુખ્ય કારણો જણાવ્યાં. માબાપ અને વડીલો સાથે વાત કરવા, આપણા ધર્મની વાત સમજવા અને ઇન્ડિયા જઈએ તો કામ લાગે.

પ્રશ્ન ૩ ના જવાબમાં જણાવ્યું કે ઉપર જણાવેલ ત્રણ બાબતે કામ લાગે એટલું. માત્ર ૧૦ ટકાના જવાબ હતા કે. જી.સી.એસ.ઈ.ના ગુજરાતી અભ્યાસક્રમ જેટલું ગુજરાતી શીખવું જોઈએ.

પ્રશ્ન ૪ - કેવું ગુજરાતી શીખવું છે? – ના જવાબમાં જણાવ્યું કે, બોલવાનું, બહુ હાઈ લેવલનું નહીં. લખવાનું ન શિખાય તો ચાલે.

પ્રશ્ન ૫ના જવાબમાં જણાવ્યું કે, ઇંગ્લિશના માધ્યમથી ગુજરાતી શીખવો. પ્રેક્ટિકલ પદ્ધતિ અપનાવો. વ્યાકરણ જવા દો. રસ પડે અને પત્રિકાઓમાં, જાહેરાતોમાં, ફિલ્મોમાં હોય છે તેવી ઓથેન્ટિક – સાચુકલી સામગ્રીનો વર્ગમાં ઉપયોગ કરો.

આવાં સર્વેક્ષણ બ્રિટનભરમાં થાય તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે અને આગળનો રસ્તો સૂઝે.

[બ્રિટન : આદમકદ અરીસામાં, ૨૦૦૫-માંથી]

કેશ ઉપલબ્ધ છે – મધુ રાય

આ બોર્ડ જ્યાં છે તે ઇસ્પિતાલમાં પબલિકને ઉત્તમ સારવાર મળે છે અને ત્યાંના ઉચ્ચ કોટિના તબીબો તેમજ કાર્યકરો પેસન્ટોને પેસન્સથી ટ્રીટ કરે છે, તેથી તેની ટીકાનો ઇરાદો અહીં લેશમાત્ર નથી. એક્સેપ્ટ કે આ આરોગ્યદાતા સંસ્થાના કાઉન્ટર ઉપર 'કેશ' ઉપલબ્ધ છે, પણ ટોઇલેટોમાં નંબર ટુ કર્યા પછી હાથ ધોવા 'શોપ' ઉપલબ્ધ નથી તે હકીકત સ્લાઇટ ઓડ્ડ લાગે છે.

કેશની ક્રાઇસિસ વખતે વ્યાકરણ જેવા 'યુઝલેશ' સબજેક્ટની ચિલ્લાચિલ્લી ઇનસેન્સિટિવ કહેવાય. અમે એક જમાનામાં ગુજરાતી ભાષા સાચી રીતે લખાય તે ખાતર, એટલિસ્ટ રાજધાનીના રસ્તાનાં નામ ને નોટિસોનાં પાટિયાં સાચાં ચિતરાય તે માટે, લાગતાવળગતાઓને આવેદન, આગ્રહ અને આજીજીનું કેસકર્તન કરી જ ચૂક્યા છીએ, અમે સતત કલ્પાંત કીધાં છે કે ભાષા સાચી લખાય, શબ્દચયનમાં લાવણ્ય હોય તો તેનું ગૌરવ સચવાય. બટ હાલ છાપાંઓનાં પાનેપાને 'કેશલેસ' બાબતે 'લેસકેશ' પંડિતો, એઝવેલેઝ 'દેશદ્રોહીઓ' યા 'ભક્તો' દ્વારા ઊહ-ઊહ અને અપોહ-અપોહ છે. અમે વિદેશ રહેતા હોવાથી 'વિભક્ત છીએ', એટલે અહીં દિલ્લગી ખાતર આ દાસ્તાં લખવા ઉસકેરાયા છીએ.

ઓફકોર્સ લોકબોલીઓમાં 'સ'નો 'શ' થાય છે તેમ કેટલીક બોલીઓમાં 'સ' નો 'હ' પણ હંભળાય છે. ફેસબુકને ઘણાં ફેશબુક કહે છે; કોઈ 'શાક' ને બદલે 'થાક' બોલે કે 'સાડી'ને 'ફાડી' પણ કહી દે છે, પણ લખાણમાં સહેજ સમ્યકતા હોય તેને અમે ડિઝાયરેબલ માનીએ છીએ. દરજીની દુકાનોમાં 'શૂટિંગ'નું બોર્ડ વાંચીને ગુજરાતીની છાતીનાં બોર્ડ બેસી જતાં નથી. વલ્લભભાઈ ઍરપૉર્ટ પર 'અંતર્દેશીય મુસાફરો'ને બદલે 'અંતર્દેસીય મુસાફરો'નું પાટિયું હોય તેથી કોઈ ગુજરાતીનું ઉદરવોટર હચમચી જતું નથી. ભાસા કોઈ પોલાદી પિંજર નથી: લોકો બોલે તે ભાસા અને પછી વિદગ્ધો તે લખવાના નિયમો બનાવે તે નિયમો સૌ પાળે તો

હમજવામાં સરળતા પડે. સ-શ કે હ્રસ્વ-દીર્ઘ કે ઇવન માથે મીંડાંની ઉછલકૂદ નજરઅંદાજ કરીએ તો પણ હવે ફિલ્મી પત્રકારો ખમણ ઉપર કોથમીરની જેમ વાક્યે વાક્યે ઇંગલિસ્તાની ઠઠેરે છે. કોઈ મૂવિમાં કોઈ ડાયલોગ પાછળથી એડ થાય, કોઈનું કેરેક્ટર સ્ટ્રોંગ હોય, બોક્સઓફિસ પરનું પરફોર્મન્સ કોઈનું ગ્રેટ તો કોઈનું કલેક્સન એવરેજ હોય, લીડ રોલમાં હેવી હિટર માચો એક્ટર હોય ને સામે હોટશોટ હિરોઇન હોય. ઇતર લખાણોમાં રીસન્ટલી ડિમોનેટાઈઝેશનના એરામાં એટલિસ્ટ લાઇનમાં પબ્લિકને વોટર ડિસ્ટ્રિબ્યુટ કરીએ તો ગુડ ફીલ થાય! ફાધર મધર ને બ્રધર સિસ્ટર ને અંકલ ને કઝીન બ્રધર તો લોંગ ટાઇમથી કરન્સીમાં આવી ગયેલાં, તેમ મા-બાપ હવે પેરેન્ટસ છે અને પુસ્તક હવે બુક, હંમેશાં તે ઓલવેઝ ને સરસ હવે સેક્સી કે શેક્સી છે. કોઈ ગુજરાતી લેખકને સામેથી પૈસા આપીને જોડણી શીખવા કહીએ તોપણ તે વાત બોરિંગ ફીલ થાય છે. કેમકે કોઈને હવે કશું ‘લાગતું’ નથી ફક્ત ‘ફીલ’ થાય છે.

અંગ્રેજી રૂઢપ્રયોગો પણ હવે ગુજરાતીમાં તદ્ભવ થવા લાગ્યા છેઃ પહેલાં કોઈ સોફ્ટવેર હાર્ડ લાગે પણ પછીથી તેનાથી યુઝટુ થઈ જવાતું હતું. હવે સોફ્ટવેર જ બહુ ‘યુઝટુ’ છે મતલબ કે યૂઝર ફ્રેન્ડલી છે! હાઈક્લાસ હવે હાઈફાઈ છે ને મેસેજીસની શોર્ટહેન્ડમાં હવે ગુડમોરનિંગ અને ગુડનાઇટ એ જીએમ અને જીએન છે; ટુટુવાયએલ મીન્સ ટોક ટુ યુ લેટર; ટીકે ઈઝ ટેક કેઅર; ટીઆઈઈ મીન્સ ટેકિટીઝી, ટીકેએસ મતલબ થેન્ક્સ! ડેટ ઈઝ ધેટ અને ડેર ઇઝ ધેર, હવે જોરશોરથી અંગરેજી લિપિમાં ગુજરાતી મેસેજ થાય છે તેમાં ગુજરાતીના ‘છે’ – ને બદલે છગડાના ૬ પીરસાય છે.

સો! ડિમોનેટાઈઝેશનની માફક રાજદ્વારેથી ડિલેક્સિફિકેશન થતું નથી. ભાષા તે લિવિંગ બીસ્ટની જેમ અલ્લડ અને અલબેલી ચીજ છે. તેનું નિયમન ફક્ત તેનાં બોલનારાં ને લખનારાં કરે છે. કદાચ હવે ગગનવાલાનું વનઆક્રંદ મિથ્યા છે. એક તોતિંગ રેવોલ્યુશનમાંથી લોકજીભો ને લોકફિંગરો પસાર થઈ રહી છે. પત્રકારો, એડિટરો, પ્રૂફરીડરો, રાઇટરો ને રીડરો ને બ્લોગરો ને લાઇક-રો ને મેસેજ-રોએ કોઈ હાઈફાઈ સિમેન્ટ કોંક્રીટ મિક્સરમાં ભાષાના ટ્રકલોડ ઠાલવ્યા છે ને તેમાં જ્ઞાન, ને આળસ, ને લાપરવાહી ને અર્ધજ્ઞાનના ઇન્ડસ્ટ્રિયલ સ્ટ્રેન્થ કેમિકલ્સના કોથળા એડ કર્યા છે. કદાચ વીસ પચીસ વર્ષ પછી આજે શિષ્ટ કે લાવણ્યમયી કહેવાતી ભાષા પ્રાકૃત કે અર્ધમાગધીની જેમ ડેડ લેંગ્વેજ થઈ ગઈ હશે ને નવા હેમચંદ્ર નવા ગ્રામરની રચના કરશે. જય સિદ્ધરાજ જયસિંહ!

[દિવ્યભાસ્કર, ૭, ડિસે. ૨૦૧૬]

સદ્‌ગત વિનોદ અધ્વર્યુ – સંજય શ્રીપાદ ભાવે

ગુજરાતી સાહિત્યના અધ્યાપક, કવિ, વિવેચક, સંપાદક, આસ્વાદક અને પ્રેમાળ માણસ વિનોદ અધ્વર્યુનું ચોવીસમી નવેમ્બરના ગુરુવારની સાંજે નેવ્યાસી વર્ષની વયે અમદાવાદના તેમના નિવાસસ્થાને અવસાન થયું. ચોવીસ જાન્યુઆરી ૧૯૨૭ના રોજ ડાકોરમાં જન્મેલા વિનોદભાઈ મુંબઈની વિલ્સન કૉલેજમાંથી સંસ્કૃત સાથે બી.એ. અને ભારતીય વિદ્યાભવનમાંથી ગુજરાતી વિષય સાથે એમ.એ. થયા. તેઓ ૧૯૫૭થી બાર વર્ષ અમદાવાદની બી.ડી. આટ્‌ર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક હતા. ત્યાર બાદ તે ખેડા જિલ્લાના બાલાસિનોર (અત્યારે મહિસાગર જિલ્લામાં) ગામની આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં અઢાર વર્ષ આચાર્ય રહ્યા અને ૧૯૮૭માં નિવૃત્ત થયા. બાલાસિનોર જેવા કસબામાં તેમણે અનેક સાહિત્ય પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

સાહિત્યના ઊંડા અભ્યાસી હોવા ઉપરાંત વિનોદભાઈ નાટકના મર્મજ્ઞ હતા. ‘નાટ્યાનુભૂતિ’ નાટ્યવિવેચન પરના તેમના લેખોનો સંચય છે. આ જ ક્ષેત્રના દીર્ઘલેખોના સંગ્રહ ‘રંગલોક’માં ગુજરાતી નાટક, તેનું ગદ્ય, ગુજરાતીમાં શૅક્સપિયર અને એકાંકી નાટ્યસ્વરૂપ પરના અભ્યાસો છે. ગુજરાતી એકાંકીના ત્રણ સંચયોનું સંપાદન પણ તેમણે કર્યું છે. ખાસ નોંધવું જોઈએ કે ‘સરસ્વતીચંદ્ર’ નવલકથા પરથી રેડિયો અને રંગમંચ પર રજૂ થયેલા અલગ અલગ નાટકો તેમ જ તેની ગુજરાતી ટેલિફિલ્મમાં એ ત્રણેયમાં નાટ્યાલેખ (સ્ક્રિપ્ટ) ઉપરાંત અનેક પાસાંમાં વિનોદભાઈએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ‘યજ્ઞશેષ’ના સોળ અભ્યાસલેખોમાં આનંદશંકર, ગોવર્ધનરામ, કાન્ત, બળવંતરાય, દર્શક અને રવીન્દ્રનાથ પરની સમીક્ષાનો સમાવેશ થાય છે. અહીં છેલ્લો લેખ ‘સાહિત્યકૃતિઓનાં માધ્યમાંતરો’ એવો છે. આ લેખમાં તેમણે ગોવર્ધનરામની મહાનવલ પરના પોતાના માધ્યમાંતરના કર્તૃત્વ વિશે એક શબ્દ સુદ્ધા લખ્યો નથી. પોતાની જ કૉલમમાં પોતાની જ કૃતિઓનો આસ્વાદ કરાવવાના ને એવાં બધાંના જમાનામાં આ વાત ધ્યાનમાં લેવા જેવી છે. ગોવર્ધનરામની જેમ મુનશી તેમના બીજા આરાધ્ય હતા. મુનશી પરનું એમનું અભ્યાસ-પુસ્તક (મોનોગ્રાફ) કેન્દ્રીય સાહિત્ય અકાદેમીએ ‘ભારતીય સાહિત્યના નિર્માતા’ શ્રેણી હેઠળ બહાર પાડ્યું છે. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ તે ‘નન્દિતા’ (૧૯૬૧). પ્રયોગશીલતા, અર્થઘનતા, પ્રતીકાત્મકતા

અને લાઘવ એ આ સંચયની રચનાઓના મુખ્ય લક્ષણો છે એમ પ્રસાદ બ્રહ્મભટ્ટ નોંધે છે. તેમાંથી 'રાજગરો' ગીતરચના પાઠ્યપુસ્તકમાં આવવાને કારણે જાણીતી છે. 'માણેકડું' અને 'મુસાફરો' રચનાઓ કવિએ ખુદ, ગુજરાત સાહિત્ય અકાદમીએ 'સર્જક અને સર્જન' શ્રેણી હેઠળ તેમની પર બનાવેલી દસ્તાવેજી ફિલ્મમાં વાંચી છે. 'ભોગાવો' કવિતા તેમના મુખે રસિકોએ ઘણી વાર સાંભળી છે. એ કવિતા હમણાં તેમને શ્રદ્ધાંજલી તરીકે, જાણીતા નવલકથાકાર-પત્રકાર ધૈવત ત્રિવેદીએ ફેસબુક પર ટાંકી છે. આ રચનાની જેમ વિનોદભાઈની બીજી ઘણી રચનાઓ અને તેમના કેટલાક વિવેચન લેખો પુસ્તક તરીકે આવ્યા નથી.

વિનોદભાઈના રુચિવૈવિધ્યનો અંદાજ તેમની સાથેની વાતોની જેમ તેમના સમૃદ્ધ વ્યક્તિગત ગ્રંથસંગ્રહમાં પણ મળતો. તેમાં નાટક, સિનેમા, ચિત્ર, શિલ્પ, સંગીત જેવી કલાઓનાં ગુજરાતી તેમ જ અંગ્રેજી પુસ્તકોનો પણ સમાવેશ હતો. વિનોદભાઈ વાંસળી સરસ વગાડતા, જૂની રંગભૂમિનાં ગીતો ગાતાં. 'વિનોદભાઈ અદ્દલ અશોક કુમાર લાગે છે.' એમ રઘુવીર ચૌધરીએ 'તિલક કરે રઘુવીર'ના બીજા ભાગમાં કુલીનચંદ્ર યાજ્ઞિકના શબ્દચિત્રમાં નોંધ્યું છે. વાતોના રસિયા વિનોદભાઈ બોલે ત્યારે તેમના ચહેરા પર અને અવાજમાં હેત વરતાતું. બાલાસિનોરના તેમના રળિયામણા આચાર્ય નિવાસે કે સૅટેલાઇટ વિસ્તારના તેમના ઘરે તેમની પાસેથી સાંભળેલા કાવ્યશાસ્ત્રવિનોદ કે અતીતરાગી ગોષ્ઠી મને યાદ આવે છે. વિલ્સનના દિવસોને તે બહુ સંભારતા. ત્યાં તેમને કુલીનચંદ્ર યાજ્ઞિક અને ઇન્દ્રવદન કોઠારી જેવા મિત્રો તેમ જ પત્ની સુરંગી મળ્યાં. હમણાં બ્યાંશી-ત્ર્યાંશીની ઉંમરે તેમની દીકરી નંદિતા તેમને વિલ્સનમાં લઈ ગઈ ત્યારે તે કૉલેજની ઇમારતના બધા માળ ચઢીને તેમાં ફર્યા, કેટલાય વર્ગોમાં પણ બેઠા.

વિનોદભાઈની લાંબી-લાંબી વાતોમાં મુનશી, અનંતરાય, વિષ્ણુપ્રસાદ, ઉમાશંકર, નિરંજન (ભગત) જેવાં નામ, અનેક અધિવેશનો-જ્ઞાનસત્રોનાં સંભારણાં, નાટકોના અનુભવો ઉજાગર થતાં. ફરિયાદ કે કડવાશ તેમના મોઢે સાંભળી નથી. ગુજરાતી લેખનના મારા શરૂઆતના મહિનાઓમાં મને જેમના માર્ગદર્શન-પ્રોત્સાહન મળ્યાં તેમાંથી એક તે વિનોદભાઈ. તેમણે બોંતેર વર્ષની વયે કચ્છના ભૂકંપ પીડિતોને સહાય પહોંચાડવા માટે તેમની કૉલોનીમાં યુવાસહજ પહેલ કરી હતી. ઍંશીમા વર્ષ સુધી તો તે ટુ-વ્હીલર ચલાવતા. છેલ્લા દિવસ સુધી તે પુસ્તકો, છાપાં, સાહિત્યિક સામયિકો અને વિચારપત્રો વાંચતાં રહ્યાં. જીવન માટેની તેમની મુગ્ધતા અને તેમનો ઉત્સાહ છેક સુધી ટક્યાં હતાં. સાહિત્યની દુનિયાને નજીકથી જોયા પછી પણ તેમણે સાક્ષર તરીકેની શાલીનતા અને માણસ તરીકેની સાલસતા જાળવી રાખી હતી.

eBooksનો કિમતી ખજાનો - તમારી અંગત eLibrary માટે

આ ઇ-સામયિક 'સંચયન' ઉપરાંત 'એકત્ર'ની એક બીજી મહત્ત્વની પ્રવૃત્તિ છે વી-ગ્રંથો (eBooks)નું પ્રકાશન.

- આજ સુધીમાં તેનાં પચાસ જેટલાં પ્રકાશનો થયાં છે. બીજાં સતત થયે જાય છે.
- એનું વૈવિધ્ય સાહિત્યનાં અને વિચાર-ચિંતનનાં અનેક સ્વરૂપોની કૃતિઓમાં પ્રસરેલું છે.
- 'એકત્ર'ની eBook એટલે માત્ર મુદ્રિત (printed) પુસ્તકનું વી-રૂપાંતર (e-version) જ નહીં. આપ કોઇપણ eBook ખોલશો કે તરત એનું મૂળ આવરણ આવશે; એ પછી એના લેખકનો ફોટોગ્રાફ, એ પછી લેખકનો તથા તે પુસ્તકનો ટૂંકો પણ રસપ્રદ પરિચય. પછી તમે પ્રવેશ કરશો પુસ્તકમાં.....
- આ બધાં જ પુસ્તકો, ઘણું ખર્ચ કરીને 'એકત્ર' તૈયાર કરે છે પણ આપ સૌ વાચકોને એ સપ્રેમ વિનામૂલ્યે આપે છે. ગુજરાતી સાહિત્ય અને ભાષા બધે આનંદપૂર્વક પ્રસાર પામે એવું અમારું મિશન છે. આ પુસ્તકો અંગે આપનો પ્રતિભાવ આવકાર્ય છે.
- આ બધાં જ પુસ્તકો www.ekatrafoundation.org પર તમે જોઈ શકશો, પસંદ કરીને વાંચી શકશો. તેમ છતાં આ રહી અમે તૈયાર કરેલાં નોંધપાત્ર પુસ્તકોની યાદી:

અરધી સદીની વાચનયાત્રા - 1-4 – સં. મહેન્દ્ર મેઘાણી
ખરા બપોર – જયંત ખત્રી
અશ્રુઘર – રાવજી પટેલ
અમૃતા – રઘુવીર ચૌધરી
જનાન્તિકે – સુરેશ જોશી
વિદિશા – ભોળાભાઈ પટેલ
ગિજુભાઈની બાળવાર્તાઓ – ગિજુભાઈ બધેકા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – નારાયણ દેસાઈ
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ભજનાંજલિ – કાકા કાલેલકર
ભવનું ભાતું – સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી – મનુભાઈ પંચોળી
અપરાજિતા – પ્રીતિ સેનગુપ્તા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ગીતામંથન – કિશોરલાલ મશરૂવાળા
ખાંભીઓ જુહારું છું – ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું – મનુભાઈ પંચોળી
તિબેટના ભીતરમાં – સં. મહેન્દ્ર મેઘાણી
ભારેલો અગ્નિ – રમણલાલ વ. દેસાઈ

શું શું સાથે લઈ જઈશ હું ? – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – મોહનદાસ ગાંધી
મારા ગાંધીબાપુ – ઉમાશંકર જોશી
રખડુ ટોળી – ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ – નગીનદાસ પારેખ
બાપુની છબી – કાકા કાલેલકર
ત્યારે કરીશું શું ? – લિયો ટોલ્સટોય
હિંદ સ્વરાજ – મોહનદાસ ગાંધી
હાસ્ય-માળાનાં મોતી – સં. મહેન્દ્ર મેઘાણી
જીવનનું પરોઢ – પ્રભુદાસ ગાંધી
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – સં. મહેન્દ્ર મેઘાણી
વાચનયાત્રાનો પ્રસાદ – સં. મહેન્દ્ર મેઘાણી
મોરનાં ઈંડા – કૃષ્ણલાલ શ્રીધરાણી
પદ્મિની – કૃષ્ણલાલ શ્રીધરાણી
જેલ ઓફિસની બારી – ઝવેરચંદ મેઘાણી
દિવ્યચક્ષુ – રમણલાલ વ. દેસાઈ
કુરબાનીની કથાઓ – ઝવેરચંદ મેઘાણી
મારી હકીકત – નર્મદ
બારી બહાર – પ્રહલાદ પારેખ

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

https://ekatra.pressbooks.pub/satyanapryogo/

લેખક-પરિચય - મોહનદાસ કરમચંદ ગાંધી

મોહનદાસ કરમચંદ ગાંધી (૨,ઑક્ટોબર ૧૮૬૯ – ૩૦, જાન્યુઆરી ૧૯૪૮) આમ તો સતત લખતા રહેલા પત્રકાર-લેખક ગણાય. 'ઇન્ડિયન ઓપિનિયન', 'નવજીવન', 'યંગઇન્ડિયા', 'હરિજનબંધુ', વગેરે દ્વારા એમણે પોતાના વિચારો અને પોતાનો જીવનસંદેશ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં આખી દુનિયાને પહોંચાડ્યાં. પોતાને લાધેલા સત્યને એ કઠોર પ્રયોગો દ્વારા ચકાસતા ગયા એનું આલેખન એમનાં ઘણાં પુસ્તકોમા પણ મળશે. એમનો નક્કર અવાજ સરળ પણ અસરકારક અને કદીક માર્મિક ગદ્યમાં ઊતર્યો છે એથી ગાંધીજીનાં એવાં લખાણો સાહિત્યનો મોભો પણ પામ્યાં છે. એમનાં કેટકેટલાં પુસ્તકોમાંથી 'હિંદસ્વરાજ(૧૯૦૮),' 'સત્યનાપ્રયોગો(૧૯૨૭)', 'મંગલ પ્રભાત(૧૯૩૦)', 'કેળવણીનો કોયડો(૧૯૩૮)', વગેરેને જુદાં તારવીશકાય.

ગાંધીજીનું જીવન અને કાર્ય એટલાં બધાં જાણીતાં છે કે એ વિશે લખવું અનાવશ્યક છે.

કૃતિ-પરિચય - સત્યના પ્રયોગો અથવા આત્મકથા(૧૯૨૭)

આ પુસ્તકનાં આવાં બે શીર્ષકોમાં ગાંધીજીને મન તો પહેલું જ વધુ મહત્ત્વનું હતું. પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે કે 'મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે.' આ કથામાં ઇ. ૧૯૨૦ સુધીનું ગાંધીજીનું જીવન આલેખન પામ્યું છે. જીવનમાં જે જે બન્યું ને જે જે લાગણી-વિચાર મનમાં જનમ્યાં તે બધું એમણે સત્યના દીવા સામે ધરી દીધું છે એટલે કોઇએ આ આત્મકથાને 'નિર્દય આત્મનિરીક્ષણનો નમૂનો' કહીને ઓળખાવી છે. સાદી સરળ ને અસરકારક બનતી ભાષા , નિખાલસ, પારદર્શક, સ્પષ્ટ નિરૂપણ આ કથાનું સત્ત્વ અને સૌંદર્ય બન્ને છે. ગુજરાતીની જ નહીં, દુનિયાભરની ઉત્તમ આત્મકથાઓમાં એનું ઊજળું સ્થાન છે.

વી-ગ્રંથ

'એકત્ર'ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર મુખપૃષ્ઠ(cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

'એકત્ર'ના સર્વ વી-ગ્રંથોમાં આ સર્જક-કૃતિ પરિચયો 'સંચયન'ના સંપાદક રમણ સોનીએ લખેલા છે.



Ekatra Foundation

Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

Mission

"Preserve and spread Gujarati literature through digitization"

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

2013-2014 Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

2015 Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 1,000 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).
It's Federal ID is 46-2153818.
Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.